અહિંસા અને તેના વિચારકો

પ્રકાશક
સાહિત્ય-વિભાગ
આદર્શ-સાહિત્ય-સંઘ
સરદાર શહેર (રાજસ્થાન)

૨૫ મી મે ૧૯૫૪
પહેલી આવૃત્તિ-પ્રત ૩૦૦૦

મુદ્રક
શાંતિલાલ છ. પારેખ
સરસ્વતી પ્રીંટીંગ પ્રેસ
દાણાપીઠ ભાવનગર

આદર્શ સાહિત્ય સંઘ

સરદાર શહર (રાજસ્થાન)

શાખા કલકત્તા (૩૧ મડતલ્લા સ્ટ્રીટ)

ભૂમિકા (બે બોલ)

एव तुल मन्नसि–પ્રાણી માત્રની સાથે સમતા કેળવો–आय तुले पयासु–પ્રાણી માત્રને આત્મતુલ્ય સમજો–આ પ્રમાણે ભગવાન મહાવીરની વાણી દ્વારા સમતાનો સૂર નીકળ્યો જૈન દર્શનમાં "अणंता जीवा पुग्गलत्त'–જીવની વિવિધતાની માન્યતા છે અને અનન્ત સ્વતંત્ર આત્માઓનું અસ્તિત્વ માનવામાં આવ્યું છે આત્મા એક નથી, તે ઈશ્વરનો અંશ નથી અને વ્યાપક પણ નથી જીવોની વિવિધતાના વાદમાંથી આત્મૌપમ્ય બુદ્ધિ આવે છે અને એકાત્મવા માંથી ઐક્ય–બુદ્ધિ–અભેદ બુદ્ધિ આવે છે એવો પ્રશ્ન થઈ શકે કે, 'આત્માની એકતા વિના અહિંસા કે દયા કેવી?' સામે એવો પ્રશ્ન પણ થઈ શકે છે કે, "આત્માની એકતા અનુસાર અહિંસા કે દયા કેવી? અહિંસા કે દયા આત્મામાં રહેલો ગુણ છે અને તે આત્મામાંથી ઉત્પન્ન થાય છે સમાનતાની ભાવનાથી પુષ્ટ થાય છે હિંસાથી દૂર રહેવામાં પોતાના અનિષ્ટની શક્યતા વધારે કામ કરે છે હિંસાથી પોતાનું પતન ન થાય તો મનુષ્ય ભાગ્યે જ અહિંસાની વાત વિચારે માટે વિચારીએ તો અહિંસાનો અર્થ છે પોતાનો

બચાવ એમા (પોતાના બચાવમા) બીજાની રક્ષા કે દયા જે કઈ કહો તે પોતાની મેળે જ થઈ જાય છે ભગવાન મહાવીરે જગતના સર્વ પ્રાણીઓની રક્ષા માટે પ્રવચન કર્યું એમ શાસ્ત્રકારોએ દર્શાવ્યુ શુ કોઈપણ વ્યક્તિ સર્વ પ્રાણીઓની રક્ષા કરી શકે છે?

સસારમા માત્સ્ય-પરપરા (મોટી માછલી નાની માછલીને ખાઈ જાય એ ન્યાય) ચાલ્યા કરે છે તો પછી સર્વ જીવોની રક્ષા માટે પ્રવચન કર્યુ એનો શો અર્થ? મનુષ્ય સર્વશક્તિમાન નથી કે જેથી તે ધારે તેમ કરે અને મરતી દુનિયાને બચાવી લે

આપણે જે દૃષ્ટિથી રક્ષાનો આશય માન્યો છે તે મૂળમા જ ભ્રમજનક છે તેનાથી આગળ માર્ગ કેવી રીતે નીકળે? એક વ્યક્તિ સર્વશક્તિમાન ભલે ન હોય છતા સર્વ પ્રાણીની રક્ષા કરી શકે છે કેવી રીતે કરી શકે છે એ દૃષ્ટિને સમજવામા ભૂલ થવી ન જોઈએ. રક્ષાની પૃષ્ઠભૂમિમા અહિંસાના મહાવ્રતની ભાવના છુપાયેલી છે અહિંસાના મહાવ્રતીએ પ્રાણીમાત્રની હિંસા ન કરવાનો જે દૃઢ સકલ્પ કર્યો છે તે જીવમાત્રનો રક્ષક હોય છે તેની सव्वाओ पाणाइवायाओ वेरमण " સર્વ પ્રાણાતિપાત વિરતિની પ્રતિજ્ઞા તેનુ મજબૂત પ્રમાણ છે શાસ્ત્રકારોએ અનેક સ્થાને મુનિને ષટ્-જીવ નિકાયના સરક્ષક કહ્યા છે એમાથી પ્રવચનનુ પ્રયોજન-' सव्व जगज्जीव रक्खणदयट्ठयाए पावयण भगवया सुकहिअ પણ સાર્થક થાય છે કે અહિંસાની પ્રવૃત્તિ કરવા માટે ભગવાન મહાવીરે પ્રવચન કર્યુ અહિંસામા સર્વ જીવોની રક્ષા કે દયાનો આપમેળે સમાવેશ થાય છે જે પોતાને માટે અહિંસા અર્થાત્ પૂર્ણ આત્મસયમ છે, તે જ બીજાઓને માટે રક્ષા કે દયા છે ભગવાને પોતાના પ્રવચનના વિસ્તારમા અહિંસાના જુદા જુદા નામ દર્શાવતા તેને રક્ષા દયા, સર્વભૂતક્ષેમકરી કહી છે એટલા

મરિ, અહિંસા અને દયાનો કાયમી સંબંધ છે જ્યાં અહિંસા હોય ત્યાં દયા ન હોય અને જ્યાં દયા હોય ત્યાં અહિંસા ન હોય એમ કદી બનતું નથી

આચાર્ય શ્રી ભિક્ષુએ આ દૃષ્ટિબિન્દુ સાથે અહિંસાના ક્ષેત્રમાં પ્રરૂપણ કર્યું એમના વિચારો લોકોને વિચિત્ર અને નવા લાગ્યા. જનતાએ એમના પર મોટા મોટા આક્ષેપો પણ કર્યા પણ એમનું દૃષ્ટિબિન્દુ સાફ હતું એટલે એમણે પોતાના માર્ગ પરથી ખસી જવાની આવશ્યકતાનો અનુભવ ન કર્યો. આ પુસ્તકમાં આ વિષય પર લખવામાં આવેલા નિબંધોનું સંકલન કરવામાં આવ્યું છે એમાં આચાર્ય ભિક્ષુના દૃષ્ટિબિંદુને સમજાવવાનો સ્વલ્પ પ્રયત્ન કરવામાં આવ્યો છે સ્થિતિ એવી છે કે આપણે આધ્યાત્મિકતાની ભૂમિકા પર ચઢીને જોઈએ તો તે વિચારો સ્પષ્ટ અને સીધા છે સંસાર અને મુક્તિના તોલમાપ અલગ છે અને જો આપણે રાગદ્વેષની સપાટી પર ઊભા રહીને એમને જોઈએ તો દૃષ્ટિભ્રમ થયા સિવાય કેવી રીતે રહે? પ્રત્યેક વસ્તુને પારખવા માટે આપણે એક જ કસોટી રાખવી ન જોઈએ.

અમારા પરમ પૂજનીય આચાર્ય શ્રી તુલસીગણીએ આચાર્ય શ્રી ભિક્ષુ સ્વામીના દયાદાન સંબંધી દૃષ્ટિબિન્દુને ઘણા સીધા શબ્દોમાં ધાર્મિક જગતની સામે રાખ્યું છે આચાર્યશ્રીને જુદા જુદા સમયે કુ ગતી ગીતે જે વિચારો ઉદ્ભવ્યા તેનો આ નાનકડો સંગ્રહ છે અને મારી કલમ દ્વારા સંકલિત થયો છે આશા છે કે વિષય ગંભીર હોવા છતાં પણ પાઠકગણ એને મહત્ત્વતાથી સરળ બનાવશે.

સં ૨૦૦૭
શ્રાવણ સુદ ૪
હાંસી (પૂર્વ પંજાબ)

મુનિ નથમલ

પ્રકાશકીય

આજના લોકજીવનને સમુન્નત અને વિકસિત કરવા માટે એવા સાહિત્યની આવશ્યકતા છે કે જે જીવનને ઘડવા સાથે પ્રત્યેક મનુષ્યમા જ્ઞાન અને દર્શનને ઉતારી શકે લોકભોગ્ય સાહિત્યમા એક નવિન પ્રેરણા સાથે યુગધર્મ અને તેના પ્રશસાપાત્ર આ શૈલીનો સંચાર જ આ પ્રકાશનનો મુખ્ય ઉદ્દેશ છે આ દિશામા 'આદર્શ-સાહિત્ય-સંઘ પોતાના મૌલિક આશયને પાર પાડવા માટે જુદી જુદી માળાઓના રૂપમા સુવ્યવસ્થિત પ્રકાશન કરી રહી છે અને આજ પણ તેને માટે તે સતત પ્રયત્નશીલ છે

આજના યુગધર્મમાં અહિંસાનુ સ્થાન શ્રેઠ છે તે એક સર વ્યાપી ધર્મ છે ધર્મમા અહિંસા અને અહિંસામા ધર્મની આત્મા સુધી વ્યાપેલી સત્તા રહેલી છે આ એક એવો સિદ્ધાત છે કે જેમા ફેરફાર થતો નથી પરતુ સમયની સાથે ધર્મને પણ સગતડિયો બનાવી અહિંસા જેવા મૌલિક દર્શનને કઈક વિકૃત રૂપ આપવામા આવ્યુ છે જૈન દર્શનમા અહિંસા અને તેના સાધક મુખ્ય વિચાર કોએ પોતાની આત્મ-સાધનાની સાથે અહિંસા પર જે મૌલિ વિચાર દર્શાવ્યા છે તે પૌરાણિક, તથ્ય તથા દર્શનના એક મુખ્ય સાધન માટે છે અને તેને સંકલિત કરીને દાર્શનિક વિદ્વાન મુનિશ્ર નથમલજીએ એનુ સુદર વિશ્લેષણ કર્યુ છ તે આજની લોકભાષ તથા લોકભોગ્ય સાહિત્યમા આધ્યાત્મિક વિચારધારાની મૌલિક ભેટ છ

'સર્વોદય જ્ઞાનમાળા'ની અ ર આ જ્ઞાન-રાશિના પ્રકાશન પાઠકો સમક્ષ રજૂ કરતા અમે ગૌરવ અનુભવીએ છીએ ઉતાવળ લીધે પ્રકાશનમા કોઈ ત્રુટિ રહી ગઈ હોય તો અમે અત કરણપૂર્વ ક્ષમાની પ્રાર્થના કરીએ છીએ

પ્રકાશન મત્રી

સાદર આભાર

અહિંસા અને તેના વિચારકો નું ગુજરાતી પ્રકાશન બીકાનેર (રાજસ્થાન) નિવાસી સ્વર્ગીય શ્રી હુકમચંદજી શેઠીયાની પુણ્ય સ્મૃતિમા કરતા અમને પરમ હર્ષ થઈ રહ્યો છે સ્વર્ગીય શ્રી હુકમચંદજી સાહેબે પોતાના જીવનકાળમા સાહિત્ય પ્રકાશનાર્થે અમુક રકમ માનનીય શ્રી હીરાનંદ રામકુમારજી આર્યવિધાને આપીને પોતાની સાંસ્કૃતિક અને સાહિત્યિક સુરુચિનો જે પરિચય આપ્યો તે બધાને માટે અનુકરણીય છે તે રકમનો સદુપયોગ સ્વર્ગીય આત્માની ઈચ્છાનુસાર શ્રી આર્યવિધાજીએ કર્યો તે માટે અમે આ સર્વ સાહિત્ય સંઘ તરફથી સાદર આભાર વ્યક્ત કરીએ છીએ

શુભકરણ દસાની
સાહિત્ય મંત્રી

અનુક્રમણિકા

અહિંસા અને તેના [illegible]

આચાર્ય ભિક્ષુનુ દૃષ્ટિબિન્દુ

દયા અને દાન વિશે
તેમના મનનીય વિચારો

सत्य नास्ति भय क्वचित् (સત્યને કશો જ ભય નથી) એ સૂક્તિ અનુસાર જેમને પોતાની સચ્ચાઈ પર વિશ્વાસ હોય છે તેમને ક્યાંય પણ ભય હોતો નથી. જેમનામાં આત્મબળની ઓછપ અને આચાર-વિશુદ્ધિની ખામી હોય છે તેમને પ્રત્યેક પળે એવો ભય રહે છે કે ક્યાંક કોઈ અમારો અધિકાર છીનવી તો નહિ લે. એમને પોતાની કૃત્રિમ અને નિરંકુશ સત્તાને કાયમી બનાવવા મિથ્યા જાળ બિછાવવી પડે છે. હશે, અમારે તો ભગવાન મહાવીરના અહિંસા-ધર્મનો પ્રચાર કરવો છે. કોઈ પર આક્ષેપ કરવો તે અમારું કામ નથી અને અમે આજ સુધી એમ કર્યું પણ નથી.

કેટલીક વ્યક્તિઓ દ્વારા તેરાપંથની જે વ્યાખ્યા કરવામાં આવી છે તે, જ્યારે આપણે જોઈએ છીએ ત્યારે હસવું આવ્યા સિવાય રહેતું નથી. પ્રત્યેક વિદ્વાન મનુષ્ય એ વિચારી શકે છે કે ઉદર-

બિનાડી જેના નિમૂળ મિદ્ધા તો ! દીવાલ પર શુ કોઈ સમ્પ્રા ટકી શકે ? શુ દયાની ા પરમ પૂજારી અને ભગવાન મહાવીર અનન્ય ભક્ત ભિક્ષુ સ્વામી યાધમના વિરોધી હોઈ શકે ? જેમણે પોતાના જીવનમાં અહિંમાના તાર ઝણઝણાવ્યા, ત્યાના સ્વરોન આલાપ લીધા તે ભિક્ષુ સ્વામી દયાના ઉચ્છેદક ! એમના દયા વિશે હૃદયસ્પર્શી ઉદ્ગાર તો જુઓ—

> "जिन मारग री नींव दया ऊपर,
> खजी हुवे ते पावे।
> जो हिंसा कियाथी धम हुवे तो,
> जल मथिया घी आवे ॥"

સ્વામીજીનો આશય દયાનો નિષેધ કરવાનો નહીં પણ દ હિંસાથી સાવ અલગ છ એમ સમજાવવાનો હતો અને આ આશયો એમણે પોતાના અહિંમાત્મક જીવનનું લક્ષ્ય બનાવ્યુ અને તેમ શબ્દોમા તેનુ પ્રતીક સર્જન થાય છે। જુઓ—

> "हिंसा री करणीमें दया नहीं,
> दया री करणीमें हिमा नाहीं।
> दयाने हिंसा री करणी न्यारी,
> ज्यू तावड़ो ने छांहीं ॥"

તેઓશ્રીએ એક વીર યોદ્ધાની માફક નીડરતાથી અહિંસા સર્વોચ્ચ મિદ્ધાન્તને જનતાની સામે મૂક્યો–ભગવાન મહાવીર વાણીના એક મહાન રહસ્યને પ્રકાશમા લાવ્યા એની સામે ઘ પ્રકારનો વિરોધ થયો અને ભયાનક કષ્ટ આવ્યા આમ છતાય ધૈર્યની મૂર્તિ પોતાના લક્ષ્ય બનેના સિદ્ધાંતથી તલભાર પણ ખ... નહિ એમનો વિજયી રાખના અગાઉ ની માફક સત્યનો સદેશ ગજાવતો રહ્યો. આપણે ધ્યાન આપીને જોઈએ કે એમણે શુ લખ્યુ છે—

"और वस्तुमें मेल हुवे पण धर्ममें नहीं हिंसा रो मेलो।
ज्यूं पूरबने पछिम रो मारग किण विध खावे मेल॥"

આચાર્યશ્રીના વખતમાં દર્શનનુંમાં જે મહત્ત્વનું સ્થાન દયાનું છે તેટલા જ મહત્ત્વનું સ્થાન મહત્તરનું પણ છે તેમ એક આચાર્યશ્રીની અનુકંપા સિવાય એવા નામ આપી જ સમજાવ્યું હોય તેમ ન હતા. જુઓ એમના અંતરનો નાદ શું છે—

"मोहिं मत भूलज्यो अनुकम्पा रे नाम।
धीरजी अन्तर पारखो, ज्यूं सीझे आतम काम ॥१॥
दया दया सबको कहै, स दया धर्म छ ठीक।
दया ओळखने पालस्यां, त्यारे मुगत नजीक ॥२॥

ઉપર જણાવેલા વિચારોનું મનન કર્યા પછી એટલે વિચારશીલ વ્યક્તિને એવો અનુભવ થશે કે એમને દયાનો વિરોધ નહિ પણ પૃથક્કરણ કર્યું હતું. તેઓ દયાધર્મના ઉચ્છેદક નહીં પણ વિવેચક હતા. એમણે ક્યારે કહ્યું કે જીવો પર દયા ન કરો, જીવોને ન બચાવો, દુઃખીને વિપત્તિથી ન બચાવો કે અમુક પ્રકારથી અમુકને ન ટાળવા? ભગવાન મહાવીરના ઉપદેશોનો સુવ્યવસ્થિત એમની વાણીમાં જે તત્ત્વ સ્પષ્ટ થયું છે તેનું શુદ્ધ સ્વરૂપ આ છે—

(૧) જેમાં કોઈપણ પ્રકારની હિંસા, રાગ, દ્વેષ, મોહ અને સ્વાર્થમય પ્રવૃત્તિ ન હોય તે જ આત્મદયા છે આ સિવાયની જે લૌકિક દયા છે તે સાંસારિક દયા છે

(૨) જે દાન પૂર્ણ ત્યાગી અર્થાત્ સંયમીને આપવામાં આવે તેજ દાન ધર્મનું અંગ છે એવા સિવાયનું બીજું દાન સાંસારિક છે

(૩) આત્માની ઉન્નતિ માટે સહાય આપવી તે ધર્મની સેવા કે ધાર્મિક ઉપકાર છે અને લૌકિક સહાય આપવી તે સાંસારિક સેવા અથવા લૌકિક ઉપકાર છે

(૪) ધર્મ પોતપોતાની ઇચ્છાથી પાળી શકાય છે જબરદસ્તીથી કોઈના શિર પર તે લાદી શકાતો નથી

(૫) ધર્મ આત્મ-સાધનામા રહેલો છે ભૌતિક સરક્ષણમા નહિ

(૬) ધર્મ આત્મતૃપ્તિમા રહેલો છે ભૌતિક સતોષમા નહીં

(૭) સયમરહિત જીવનનુ પાલનપોષણ અને રક્ષણ કદી ધર્મ બની ન શકે

(૮) જે અસયમી છે એના જીવવાની ઇચ્છા રાખવી તે રાગ છે, મરવાની ઇચ્છા રાખવી તે દ્વેષ છે અને તેના આત્મકલ્યાણની ઇચ્છા રાખવી તે ધર્મ છે

(૯) ભગવાન મહાવીરે સયમરહિત માનવીના શરીરને પરિગ્રહ અને અસંયમી જીવનને છકાયનું શસ્ત્ર કહેલ છે એટલે સયમરહિત માનવી જાતે ખાયપીએ અથવા બીજા કોઈ અસયમી માનવીને ખવડાવે પીવડાવે એથી આધ્યાત્મિક ધર્મ થતો નથી

સભવ છે કે આ વ્યાખ્યાઓ વાચીને મોટી સખ્યામા વ્યક્તિઓ પોતાની જાતને પૂછવા લાગે કે જેમ જૈનધર્માનુયાયીઓ સાસારિક અને વ્યાવહારિક દયા, દાન અને ઉપકારમા ધર્મ નથી માનતા એમ જો સર્વ ધર્મના અનુયાયીઓ માનવા લાગે તો પછી દુનિયાનુ કામ જ કેમ ચાલે?

ઠીક, અમે માનીએ છીએ કે આ એક પ્રશ્ન છે પણ કેવળ પ્રશ્નો ખાતર જ પ્રશ્ન છે અને એમા કશો સાર નથી કારણ કે તે અવહેવારુ છે બ્રહ્મચર્યનો ઉપદેશ સાભળીને ઘણા લોકો પ્રશ્ન કરે છે કે જો આપણે સહુ બ્રહ્મચારી બની જઈએ તો આ દુનિયા કેવી રીતે ચાલે?—આવો પ્રશ્ન કરતા લોકોને આપે સાભળ્યા હશે. પણ બધા ગૃહસ્થાશ્રમી બ્રહ્મચારી બનતા નથી, તેવી જ રીતે બધા ગૃહસ્થો સામારિક કાર્યોને પણ છોડતા નથી જેને ભૂખ લાગે તેણે

ખેતી કરવી જ પડશે—પછી ભલે તે જાતે જ કરે કે [illegible]
કરાવે. પાણી પીવું હોય તો કૂવા, તળાવ, બંધ કે [illegible]
પાણીનો સંચય કરવો પડશે એવી કઈ વ્યક્તિ છે કે જે [illegible]
સાથેનો સંબંધ તોડી નાખીને પોતાનો નિર્વાહ [illegible]
સામાજિક પ્રાણીને કોઈ ને કોઈ સ્વરૂપમાં સમાજની [illegible]
સહકાર લેવો પડે છે અને આપવો પણ પડે છે

ધર્મનો પ્રશ્ન પોતાનો વ્યક્તિગત પ્રશ્ન છે [illegible]
ધર્મ પાળે ન પાળવો હોય તો ન પાળે પરંતુ [illegible]
સમાજ તરફની ફરજના ખ્યાલથી પણ કરવા પડે [illegible]
જેને માટે ધર્મપુણ્ય નામની કોઈ ચીજ નથી [illegible]
સહાય આપે છે, બીજાના દુઃખથી દુઃખી થાય [illegible]
તે દયાથી નહીં પણ માત્ર પોતાની સામાજિક [illegible]
પર જ તે અશક્તની સેવા કરવી તેને પોતાનું [illegible]
તાના સંબંધને લીધે એક માનવ બીજા [illegible]
બીજાના સિવાય કેવી રીતે રહેશે? આ [illegible]
એક મનુષ્ય આર્તના કરનાર પશુ (જો [illegible]
ને છોડીને એક પીડિત મનુષ્ય તરફ [illegible]
મા તો આ જાતિગત સંબંધ પણ [illegible]
રાય એવો નથી કે જે દયા અને [illegible]
વ્યાવહારિક હોય છે અમારું મુખ્ય [illegible]
જીવન સાથે સંબંધ રાખનાર [illegible]
શકતું નથી અમે એમ કહેવા [illegible]
આપ આ બધું છોડી દો તમે પૂછ [illegible]
આવતે નથી તો પછી તમે એમને [illegible]
નથી? હા એ ઠીક છે પ્રત્યેક [illegible]
અમારું લક્ષ્ય છે પ્રત્યેક સામાજિક [illegible]

તે અમારું કર્તવ્ય છે પરંતુ આ સર્વ સાધકની સાધનાની સ્થિતિ જોઈને કરવું જોઈએ. જે વ્યક્તિ ક ખ સુધી પણ ભણી ન હોય તેના પર ના તેને વ્યાકરણનું મહાભાષ્ય શીખવવું તે યોગ્ય નથી

૮૧, જો કોઈ સાધક સર્વ સાંસારિક વૃત્તિઓનો ત્યાગ કરવા ચાહે-સાધુવ્રત સ્વીકારવા ચાહે તો અમે તે અવશ્ય કરાવી શકીશું પરંતુ જો ગૃહસ્થાશ્રમને છોડવા (સાધુ બનવા) માગતો નથી તો અમે કેવી રીતે આવો ઉપદેશ આપીએ, અને કેવી રીતે આની પ્રતિજ્ઞા કરાવીએ કે તેઓ પોતાના ગૃહસ્થાશ્રમના સર્વ કાર્યો કરતા રહે માત્ર બીજા કોઈને સહાય ન કરે તેનો અર્થ શું? બીજાને સહાય કરવામાં જો ધર્મ નથી તો શું પોતાનો ગૃહસ્થાશ્રમ ચલાવવો તે ધર્મ છે? જો એમ કહેવામાં આવે કે પોતાનો ધધો કર્યા સિવાય તે ચલાવી ન રહી શકે તો શું એ શક્ય છે કે સમાજનો કોઈ મનુષ્ય બીજાઓને સહકાર આપ્યા સિવાય કે તેમનો સહકાર લીધા સિવાય જીવનનો નિર્વાહ કરી શકે? સિદ્ધાન્તોના આ શો અને આજ્ઞાઓ તથા નિષેધોનું અવલોકન કરનાર મુનિ કોઈપણ સમયે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવને જોયા સિવાય કશો ઉપદેશ આપતા નથી અને પ્રતિજ્ઞા પણ કરાવતા નથી ગૃહસ્થ ખાય છે પીએ છે તે અનંત છે ધાર્મિક કાર્ય નથી તો શું અમે એ સહુને સહુથી પહેલા એવો જ ઉપદેશ આપ્યા કરીએ કે, ભાઈ, તમે જે ખાઓ છો પીઓ છો તે હિંસા છે એટલે તમે સહુ અનશન કરી દો અયોગ્ય સમયે એવો ઉપદેશ આપવો તે અવિવેકી કાર્ય બનશે જેનાથી જે થઈ શકે તેમ નથી તેને તે કરવાનું કહેવાથી કઈ સફળતા મળતી નથી અમારું કાર્ય તો એ હોવું જોઈએ કે અમે ધર્મના તત્ત્વોને યોગ્ય અર્થ સાથે જનતાની સામે રાખીએ એમને ધર્મ અને અધર્મના માર્ગ સમજાવી દઈએ. એમનું પાલન કરવું કે ન કરવું તે એમની શક્તિ પર આધાર રાખશે.

જૈન-દર્શનમા સમ્યક્-જ્ઞાનનુ સ્થાન સમ્યક્-ક્રિયાથી પહેલુ છે જે તત્ત્વ જેવુ હોય તેવુ જ તેને સમજવું અને શ્રદ્ધા સાથે તેમ માનવુ એ સમ્યક્ત્વી વ્યક્તિનુ પ્રથમ કર્તવ્ય છે કરવુ કંઈ અને સમજવુ કંઈ એ સદ્ધ ખરાબ છે રાજનીતિમાં પોતાની પ્રતિષ્ઠાને વ્યવસ્થિત રાખવા માટે તેને યોગ્ય માનવામા આવે પરંતુ આત્મ ની મલિનતાને ધો ઈ નાખનાર ધાર્મિક ક્રિયાના દર્પણમા એનું પ્રતિબિંબ અવશ્ય પડી ન શકે એટલે ભિક્ષુ સ્વામીએ જેની ચર્ચા કરવાની છે તે પ્રશ્નની પૂર્વભૂમિકા આ શબ્દોમા રચી છે કે–

'અમે ધાર્મિક દષ્ટિબિન્દુથી ગૃહસ્થને ન તો આવશ્યક કાર્ય કરવાની પ્રેરણા આપીએ છીએ અથવા ન તો મનાઈ કરીએ છીએ અમારુ તો લક્ષ્ય માત્ર એટલુ જ છે કે તમે જે કંઈ કરો તેની પરીક્ષા કરો અને તે જેવુ હોય તેવુ જ તેને સમજો "

હવે હું મારા વિદ્વાન વાચકોને આગ્રહપૂર્વક જણાવુ છુ કે, આ શબ્દોનો શો આશય છે એનુ તટસ્થ વૃત્તિથી મનન કરો.

આ નિબંધમા હુ માત્ર સ્વામીજીના પ્રારમ્ભિક દષ્ટિબિન્દુનુ દિગ્દર્શન કરાવવા ઇચ્છુ છુ આ ઉદ્દેશને સામે રાખીને મે એક નાનકડી રચના કરી છે સ્વામીજીએ ધર્મ– યા અને વ્યાવહારિક દયાનું પૃથક્કરણ કરવામા કયા કયા આગમ હેતુઓનો પ્રયોગ કર્યો અને કયી કયી યુક્તિવાળી કસોટીથી એમની પરીક્ષા કરી તે હુ જણાવી શકયો નથી મને આશા છે કે જ્યારે જ્યારે સમય આવશે ત્યારે ત્યારે એના પર પણ કંઈક લખી શકીશ અમારા જિજ્ઞાસુ પાઠક પહેલા સ્વામીજીના સર્વસ્પર્શી દષ્ટિબિન્દુને સમજી લેશે તો પછી આગળ જે આલોચના (મૂલ્યાકન માટેની ચર્ચા) કરવામા આવશે તેમને પણ એક રહસ્યભરી દષ્ટિથી જોશે એમનુ મનન કરશે અને સમજવાના પ્રયાસ કરશે બસ, આ જ આશય સાથે

અહિંસા

પ્રાણીમાત્રનું જીવન પ્રવૃત્તિશીલ હોય છે આ પ્રવૃત્તિ સારી હોય કે ખરાબ પણ એનો પ્રવાહ રોકાતો નથી આ પ્રવૃત્તિ સારી છે કે ખરાબ એ માપવાનું સાધન પણ એક હોતુ નથી સામાન્ય માનવીની અને ધાર્મિક માનવીની વ્યાખ્યામા મૂળભૂત ભેદ હોય છે કારણ એ છે કે સામાન્ય માનવીનું દૃષ્ટિબિંદુ સમાજી હોય છે અને ધાર્મિક માનવીનું દૃષ્ટિબિંદુ આધ્યાત્મિક હોય છે લોકોની દૃષ્ટિએ અમુક પ્રવૃત્તિ સારી છે કે સાવ ખરાબ છે એમ કહેવુ તે યોગ્ય નથી સામાન્ય માનવીની રુચિ અને અરુચિ પર કાબૂ રાખવો એ શક્તિથી પર છે "भिन्नरुचिर्हि लोकः ।" એ સિદ્ધાન્ત નિરર્થક નથી લોકમતની પરિસ્થિતિઓમા ફેરફાર થાય છે તે અનુસાર રુચિ અને અરુચિમા પણ પરિવર્તન થાય છે સામાન્ય સ્થિતિમા પ્રત્યેક મનુષ્યની રક્ષા કરવી તે ધર્મ માનવામા આવે છે યુદ્ધના સમયે શત્રુઓની હત્યા કરવી તે પરમ ધર્મ બની જાય છે લોકોની રુચિમા આપત્તિમાં સ્વાર્થ, મમત્વ, અજ્ઞાન, આવેશ મોહ અને એવા અસખ્ય કારણો અહિંસાના સ્વરૂપની વિકૃતિના કારણ બને છે

આજનના સમયમા હિંસા અહિંસા બની જાય છે જે મોહ ઉત્પન્ન થાય છે તેને દયાનુ રૂપ આપવામા આવે છે અજ્ઞાનને વશ થઈને ઘણાખરા લોકો હિંસા અને અહિંસાનુ સ્વરૂપ પણ સમજી શકતા નથી આધ્યાત્મિક દષ્ટિબિન્દુની સામે રુચિ અને અરુચિનો પ્રશ્ન જ ઊભો થતો નથી એમા વસ્તુસ્થિતિનુ અન્વેષણ કરવાનુ હોય છે જ્યારે સારુ કે ખરાબ એનુ માપ રુચિ કે અરુચિથી કાઢી શકાતુ નથી ત્યારે માપ માટે બીજુ એક માધન તૈયાર કરવુ પડે છે પછી તેના વડે, દરેક કાર્ય સારુ છે કે ખરાબ તે માપવામા આવે છે આ માપનુ સાધન છે સંયમ અને અસંયમ–બીજા શબ્દોમા કહીએ તો ત્યાગ અને ભોગ એના અનુસારે આપણે સંયમવાળી પ્રવૃત્તિઓને સારી કહીશુ અને સંયમરહિત પ્રવૃત્તિઓને ખરાબ કહીશુ દાર્શનિક પાડતો (તત્ત્વજ્ઞાનીઓ)ના શબ્દોમા સારી પ્રવૃત્તિને અસત્–પ્રવૃત્તિ–નિરોધ અને સત્–પ્રવૃત્તિ તથા ખરાબ પ્રવૃત્તિને અસત્–પ્રવૃત્તિ કહેવી પડે. અસત્–પ્રવૃત્તિનુ નામ હિંસા છે અસત્–પ્રવૃત્તિ દ્વારા પ્રાણવધ કરવામા આવે છે અથવા થઈ જાય છે તે પણ હિંસા છે—જેમ કે असत्प्रवृत्त्या प्राणव्यपरोपण हिंसा-असत्प्रवृत्ती। (પા ૧) કેટલીક સ્થળોએમા હિંસાનુ સ્વરૂપ બતાવવામા આવ્યુ છે અહિંસા હિંસાનુ વિરોધી અંગ છે જે અસત્–પ્રવૃત્તિનો પૂરેપૂરો વિરોધ છે સત્પ્રવૃત્તિ છે અને સત્પ્રવૃત્તિ દ્વારા જેનુ આચરણ કરવામા આવે છે તે અહિંસા છે

બે દૃષ્ટિ

વસ્તુઓનું સ્વરૂપ જોવા માટે જૈન આચાર્યાએ નિશ્ચય અને વ્યવહાર એ બે દૃષ્ટિઓનો ઉપયોગ કર્યો છે વ્યવહારિક દૃષ્ટિ વસ્તુના બાહ્ય સ્વરૂપને જુએ છે અને નિશ્ચયદૃષ્ટિ એના આન્તરિક સ્વરૂપને જુએ છે વ્યવહારદૃષ્ટિમા સંસારના વ્યવહારને મુખ્ય ગણવામા આવે છે અને નિશ્ચયદૃષ્ટિમા વસ્તુસ્થિતિ (સાચી વાસ્તવિક સ્થિતિ)ને મુખ્ય ગણવામા આવે છે વ્યવહાર દૃષ્ટિ અનુસાર પ્રાણ-વધ હિંસા છે અને જેમા પ્રાણ-વધ ન થાય તે અહિંસા છે નિશ્ચયદૃષ્ટિ અનુસાર અસત્-પ્રવૃત્તિ અર્થાત્ જે પ્રવૃત્તિમા રાગ, દ્વેષ અને પ્રમાદ હોય તે હિંસા છે અને સત્-પ્રવૃત્તિ અહિંસા છે આ દૃષ્ટિઓ અનુસાર હિંસા-અહિંસાના ચાર પ્રકાર બને છે જેમકે-(૧) દ્રવ્યહિંસા અને ભાવહિંસા, (૨) દ્રવ્યહિંસા અને ભાવ-અહિંસા, (૩) દ્રવ્યઅહિંસા અને ભાવહિંસા, (૪) દ્રવ્યઅહિંસા અને ભાવઅહિંસા

રાગ અને દ્વેષને વશ થઈને જે પ્રાણવધ કરવામા આવે છે તે દ્રવ્યહિંસા તથા ભાવહિંસા છે જેમ કે એક શિકારી હરણને મારી નાખે છે આ દ્રવ્ય અર્થાત્ સાંસારિક દૃષ્ટિએ હિંસા છે, કારણ

કે તે હરણના પ્રાણ લૂટી લે છે અને ભાવ અર્થાત્ વાસ્તવમા પણ હિંસા છે, કારણ કે શિકાર કરવામા એની પ્રવૃત્તિ અસત્ બને છે રાગદ્વેષ વગર જે પ્રાણવધ થાય છે તે દ્રવ્ય હિંસા અને ભાવ-અહિંસા છે જેમ કે એક સયમી પુરુષ સાવધાનીપૂર્વક હરેફરે છે તથા શરીરની જરૂરી પ્રવૃત્તિઓ કરે છે આને લીધે ન જ ટાળી શકાય એવા પ્રકારનો ‘પ્રાણ-વધ’ થાય છે માસારિક દૃષ્ટિએ તે હિંસા છે કારણ કે તે પ્રાણીના મૃત્યુનુ કારણ બને છે અને વાસ્તવમા અહિંસા છે હિંસા નથી કારણ કે એની પ્રવૃત્તિ રાગદ્વેષાત્મક હોતી નથી રાગ અને દ્વેષવાળા વિચારથી નિર્જીવ પદાર્થોનો નાશ કરવામા આવે કે પ્રહાર કરવામા આવે તો તે દ્રવ્ય-અહિંસા અને ભાવહિંસા છે જેમ કે, કોઈ વ્યક્તિ ઝાંખા પ્રકાશમા દોરડાને સાપ સમજીને એના પર પ્રહાર કરે છે આ સામાજિક દૃષ્ટિએ અહિંસા છે કારણ કે આ ક્રિયામા પ્રાણ-વધ થતો નથી આ નિશ્ચયમા હિંસા છે કારણ કે ત્યા પ્રહાર કરવાની પ્રવૃત્તિ દ્વેષાત્મક છે જ્યા રાગ અને દ્વેષવાળી પ્રવૃત્તિ પણ ન થાય અને પ્રાણવધ પણ ન થાય તે સર્વ સવરરૂપ અવસ્થા દ્રવ્યઅહિંસા અને ભાવઅહિંસા છે આ અવસ્થા શારીરિક અને માનસિક પ્રવૃત્તિઓમાથી નિવૃત્ત થયેલા તથા સમાધિ પ્રાપ્ત કરેલા યોગીઓની હોય છે ભાવઅહિંસાની પૂર્ણતા સયમી જીવનમા પ્રાપ્ત થઈ જાય છે પરંતુ દ્રવ્યઅહિંસાની અવસ્થા શારીરિક રચના છૂટ્યા સિવાય-બીજા શબ્દોમા કહીએ તો સમાધિ-અવસ્થા પ્રાપ્ત કર્યા સિવાય આવતી નથી

અહિંસાનો અર્થ

અહિંસાનો શબ્દાર્થ છે—હિંસા ન કરવી અ (ન) + હિંસા—એ
બે શબ્દોમાંથી 'અહિંસા' શબ્દ બન્યો છે એના પારિભાષિક અર્થ
નિષેધાત્મક તથા વિધાનાત્મક એમ બે પ્રકારના છે જેમાં રાગ
અને દ્વેષ રહેતા હોય એવી પ્રવૃત્તિ ન કરવી, પ્રાણ-વધ ન કરવો
આદિના સર્વ પ્રવૃત્તિઓ અટકાવવી તે નિષેધાત્મક અહિંસા છે સારી
પ્રવૃત્તિ કરવી અભ્યાસ, અધ્યાત્મસેવા, ઉપદેશ, જ્ઞાનચર્ચા આદિ
આત્માનું હિત કરે એવી પ્રવૃત્તિ કરવી તે વિધાનાત્મક અહિંસા છે
સંયમ વડે પણ જેમનો બચાવ શક્ય નહોય એ
વધ થઈ જાય છે આ પણ નિષેધાત્મક
નથી નિષેધાત્મક અહિ
છે વિધાનાત્મક અહિંસા
શીનના હોય છે આ સ્થૂ
બીજું જ જણાય છે
નિવૃત્તિ હોય જ છે નક
પ્રવૃત્તિવાળી અહિંસામાં

કરનાર જો આન્તરિક પ્રવૃત્તિઓને શુદ્ધ ન કરે તો તે અહિંસક નહિ બને એટલે નિષેધાત્મક અહિંસામા સારી પ્રવૃત્તિની અપેક્ષા રાખવામા આવે છે તે બાહ્ય હોય ચાહે આન્તરિક, સ્થૂળ હોય ચાહે સૂક્ષ્મ સારી પ્રવૃત્તિવાળી અહિંસામાં હિંસાનો નિષેધ હોવો જરૂરી છે એના વગર કોઈ પ્રવૃત્તિ સારી થઈ શકતી નથી અને અહિંસાનું પાલન થઈ શકતું નથી આ નિશ્ચયદૃષ્ટિની વાત છે સાંસારિક દૃષ્ટિએ નિષેધાત્મક (નકારાત્મક) અહિંસાને નિષ્ક્રિય (પ્રવૃત્તિ વગરની) અહિંસા અને વિધાનાત્મક (વિધેયાત્મક) અહિંસાને સક્રિય અહિંસા કહેવામા આવે છે

નિષ્ક્રિય અહિંસાનો ઉપયોગ

અહિંસા કામધંધા વગરની વ્યક્તિઓનું હથિયાર છે એમ કેટલીક વ્યક્તિઓ કહે છે એમને પ્રવૃત્તિ વગરનું જીવન ગમતું નથી સઘળી પ્રવૃત્તિ કરતી છતા અહિંસાનું પાલન કરવું—આ જ એમના સિદ્ધાન્તનો સાર છે એમા કેટલું તથ્ય છે તેની આપણે તપાસ કરવાની છે નકારાત્મક અહિંસા સહુને માટે આવશ્યક છે માત્ર સંસાર પ્રત્યે ઉદાસીન રહેનાર સાધુ-સન્ત જ એનો ઉપયોગ કરે એમ માનવું યોગ્ય નથી કારણ કે જ્યાસુધી હિંસાનો નિરોધ કરવામા ન આવે ત્યા સુધી પ્રવૃત્તિઓ સાત્ત્વિક બનતી નથી પ્રવૃત્તિને પણ શુદ્ધ કરવા માટે નિવૃત્તિ આવશ્યક છે જે હિંસાને છોડી દે છે તેના જ હૃદયમા દયા પોષણ પામે છે ગૃહસ્થને માટે સરળ છોડવુ અનિવાર્ય નથી એને માટે એક મર્યાદા છે આ છે—નિરર્થક હિંસાથી બચવું આવશ્યકતાઓ ઘટાડવી અને પ્રવૃત્તિઓ પર સંયમ રાખવો સઘળી પ્રવૃત્તિઓ કરવી ને અહિંસા નથી પરન્તુ સઘળી પ્રવૃત્તિ કરવામા સંયમ પાળવામા આવે તથા સારી પ્રવૃત્તિનું આચરણ કરવામા આવે તો તે અહિંસા હોઈ શકે છે વીર સૈનિક સમરાંગણમા ન

છે તે અહિંસા નથી પણ જો તે તેને ન મારે, અયોગ્ય રીતે હત્યા ન કરે હથિયાર વગરના લોકો પર હુમલા ન કરે તો તે તેની અહિંસા ગણી શકે. સિદ્ધાન્ત તરીકે આપણે એમ કહી શકીએ કે કામ ગમે તેવું હોય પણ રાગ અને દ્વેષથી રહિત થઈ કરી શકાય ત્યારે તે અહિંસા છે. સક્રિય અહિંસા જીવનની દરેક ક્ષણે જોવામાં કરી શકાય છે. નિષ્ક્રિય અહિંસાનો ઉપયોગ જીવનની પ્રત્યેક ક્ષણમાં કરી શકાય છે. પરન્તુ જે સાચો વીર હોય તે જ તેનો ઉપયોગ કરી શકે છે. પ્રકૃતિની સરખામણીમાં મારી પ્રકૃતિ ગુસ્સાવાળી છે. આ જ પ્રમાણે મારી પ્રકૃતિ સખ્ત હિંસાત્મક કાર્યોથી દૂર રહેવું મુશ્કેલ છે.

અહિંસા અને દયા

અહિંસા અને દયા બને એક જ તત્ત્વ છે યામા હિંસા કે હિંસામા દયા કદીપણ હોઈ જ ન શકે જો આપણે એમને અલગ કરવા માગીએ તો નિવૃત્યાત્મક અહિંસાને જ અહિંસા કહી શકીએ અને પ્રવૃત્યાત્મક અહિંસાને દયા કહી શકીએ. પ્રશ્ન-વ્યાકરણ સૂત્રમા અહિંસાના ૬૦ અર્થ દર્શાવવામા આવ્યા છે આમાં ૧૧મો અર્થ 'દયા' છે ટીકાકાર મલયગિરિએ એનો અર્થ दया देहि-रक्षा અર્થાત્ 'દેહધારી જીવોની રક્ષા કરવી' એમ દર્શાવ્યો છે આ યોગ્ય પણ છે કારણ કે અહિંસા (જેનો અર્થ છે પ્રાણવધની ક્રિયાથી નિવૃત્તિ)મા જીવરક્ષા આપોઆપ થાય જ છે મુનિ સર્વ જીવોના રક્ષક હોય છે આનો અર્થ એ નથી કે દુનિયામા જે જીવો મરી રહ્યા છે અથવા જેમને મારી નાખવામા આવે છે તેમને તે કોઈ પણ પ્રકારે બચાવે. એનો સાચો અર્થ એ જ છે કે પોતાની ખરાબ પ્રવૃત્તિથી તેઓ પ્રાણીમાત્રને કષ્ટ ન પહોંચાડવુ અને મારવા નહિ અહિંસા કે પાની પૂર્ણતા પોતાની ખરાબ પ્રવૃત્તિઓ પર સયમ પાળવાથી જ થાય છે અથવા થઈ શકે છે કલ્પના કરો કે

આ પ્રમાણે રહસ્યને સમજનારા પંડિતોએ દયા અને અહિંસા એકતા માની છે આ એકતાનું કારણ શાબ્દિક વ્યુત્પત્તિ (શબ્દાર્થ) નથી તેનાથી એમના બે જણાઈ આવે છે જેમકે, 'હિંસા ન કરવી તે અહિંસા અને પાલન કરવું તે દયા એમ બન્નેના તાત્પર્યાર્થ એક જ છે અહિંસા નિષેધાત્મક છે જેમકે—હિંસા ન કરો, ખરાબ પ્રવૃત્તિનું આચરણ ન કરો ત્યારે દયા વિધાનાત્મક આજ્ઞા કરે છે જેમકે, પાલન કરો, રક્ષા કરો. જ્યાં હિંસા નહિ થાય ત્યાં રક્ષા આપમેળે જ થશે અને રક્ષામાં હિંસાનો ત્યાગ કરવો જ પડે' આ તો પહેલાની જ વાત છે કે દયાશૂન્ય અહિંસા અને અહિંસાશૂન્ય દયા કદી થઈ શકતી જ નથી મહાત્મા ગાંધીજીએ પણ અહિંસા અને દયાનો સંબંધ દર્શાવતા કહ્યું છે કે

'જ્યાં દયા નથી ત્યાં અહિંસા નથી એટલે, આપણે કહી શકીએ કે જેનામાં જેટલી દયા છે એટલી જ અહિંસા છે'

(ગાંધીવાણી પૃષ્ઠ ૧૭)

તર્કની કસોટી પર

અહિંસા અને દયા એક શા માટે? તર્કની દૃષ્ટિએ પણ એનું સમાધાન કરી લેવું જોઈએ હિંસાનું ક્ષેત્ર વ્યાપક છે અસત્ય વગેરે એની જુદી જુદી બાજુઓ છે અસત્ય બોલવું તે હિંસા છે, ચોરી હિંસા છે, મૈથુન હિંસા છે, પરિગ્રહ હિંસા છે આ સત્યમાં અહિંસા પણ નથી અને દયા પણ નથી શબ્દની સમાનતા હોવાથી લોકદયાનો સમાવેશ અધ્યાત્મદયામાં કરવામાં આવે છે—ત્યારે અહિંસા અને દયાનું ઐક્ય રહેતું નથી ત્યાં એમનો સબંધ નીચે જણાવ્યું છે તે પ્રમાણે રહે છે

અહિંસામાં દયા હેવી જ જોઈએ. દયામાં અહિંસા હોય પણ ખરી અને ન પણ હોય કારણ કે શબ્દોની સમાનબુદ્ધિથી દયા બે પ્રકારની માનવામાં આવે છે-પારમાર્થિક અને વ્યાવહારિક પારમાર્થિક દયા સાથે અહિંસાનો શાશ્વત સબંધ છે વાસ્તવમાં વ્યાવહારિક દયા રાગ, મોહ કે અજ્ઞાનમાંથી ઉદ્ભવે છે લોકદૃષ્ટિમાં તે દયા છે તેથી તે અહિંસાત્મક બની જતી નથી લોકદૃષ્ટિમાં દયાને માટે હિંસા, પરિગ્રહ વગેરેને અયોગ્ય માનવામાં આવતા નથી પણ ધાર્મિક

દૃષ્ટિબિન્દુથી આ યોગ્ય નથી કારણકે એક મોટા જીવની રક્ષા ? અનેક નાના મૂંગા જીવોનો વધ કરવો તે દયા નથી, પરંતુ ચોકખી હિંસા છે અને દયા માનવી તે મિથ્યા જ્ઞાન છે એક સમૃદ્ધ વ્યક્તિ માટે ગરીબોના ગળા દબાવવાની ક્રિયા ન્યાય બની જતી નથી મોટા જીવોને માટે નાના જીવોને મારી નાખવાથી નુકસાન ઓછું થાય છે અને લાભ વધુ થાય છે એવો સિદ્ધાન્ત અહિંસાના સનાતન સિદ્ધાન્તથી તદ્દન વિરોધી છે ભગવાન મહાવીરે કહ્યું છે કે –

> जे केइ खुड्डगा पाणा, अहवा संति महालया ।
> सरिसं तेहिं वेरंति, असरिसंति य नो वदा ॥
>
> (સૂત્રકૃતાંગ ૨-૫-૬)

અર્થાત્ એક ઇન્દ્રિયવાળા વગેરે ક્ષુદ્ર-નાના શરીરવાળા પ્રાણી છે અથવા પાંચ ઇન્દ્રિયવાળા વગેરે મોટા સ્થૂલ શરીરવાળા પ્રાણી છે એમને મારવામાં હિંસાનું પ્રમાણ સરખું હોય છે કે વત્તુ ઓછું કહી શકાય નહિ કારણકે વધ કરનારની હિંસાની ભાવના તીવ્ર છે મન્દ વગેરે વિવિધ પ્રવૃત્તિઓ પર હિંસાનો દોષ આધાર રાખે છે

આપણે જ્યારે થોડા ઊંડા ઊતરીએ છીએ, ત્યારે આપણને એમ જણાય છે કે આવો સિદ્ધાન્ત દુનિયામાં કેવી રીતે ચાલી શકે? એક પ્રાચીન ઉક્તિ છે કે–"जीवो जीवस्य जीवनम्" જીવ જીવનું જીવન છે મત્સ્ય-ગલાગલન્યાયનો પણ આ જ અર્થ થાય છે–જેમકે એક મોટી માછલી નાની માછલીઓને ખાઈ જાય છે તેમ મોટા જીવ નાના જીવોનું ભક્ષણ કરે છે મનુષ્યે ખાવું પડે છે અને પીવું પડે છે એમાં શાકભાજી અનાજપાણી અગ્નિ આદિ નાના જીવો નાશ પામે છે એમના સંયોગથી બે ઇન્દ્રિય ધરાવતા વગેરે મોટા જીવોની હિંસા પણ થાય છે આ એમની આવશ્યકતા છે, લાચારી છે આમ કર્યા સિવાય જીવન-નિર્વાહ થઈ શકતો નથી મનુષ્યોમાં જે કમજોરી છુપાયેલી છે, તે દરેક સ્થળે સત્ય તરફ આગળ વધવામાં

અંતરાય ઊભો કરે છે તેથી એમણે આ એક સિદ્ધાન્ત સ્થાપ્યો કે જે વસ્તુઓ એમના જીવન-નિર્વાહ માટે પૂરેપૂરી જરૂરી હોય એમા હિંસા કેવી રીતે થાય? આજ આ સિદ્ધાન્ત એટલો વ્યાપક છે, સાધારણ મનુષ્યની રગેરગમા આ જ વાત રમી રહી છે કે જરૂરિયાતો પૂરી કરવામા કશી પણ હિંસા નથી પણ સત્ય તો જુદુ જ છે દુનિયા સ્વાર્થી છે માટે એમ કહ્યા સિવાય એનાથી રહેવાતુ નથી પરન્તુ સત્ય અને કમજોરી એક નહીં પણ ભિન્ન છે

અનેક લોકોની સુખસગવડ માટે થોડા કે ક્ષુદ્ર જીવોની હિંસાને ક્ષમ્ય માનનારા પ્રજાની સુખસગવડ માટે કરવામા આવતા યજ્ઞોને ધર્મ કે પુણ્ય માનતા નથી પણ ઊલટુ તેમનો વિરોધ કરે છે એનો શો આધાર હોઈ શકે? હજારો લાખો મનુષ્યોની સુખશાન્તિ માટે દસવીસ પશુઓના બલિદાનનો વિરોધ કરતી વખતે શુ તેઓ પોતાના ઉપર કહેલા સિદ્ધાન્તની અવગણના કરતા નથી?

ભગવાન મહાવીરે તથા મહાત્મા બુદ્ધે યજ્ઞમા આપવામા આવતા બલિદાનનો વિરોધ કર્યો એમના અનુયાયી આજ પણ કરતા આવ્યા છે એનો આધાર સર્વ જીવો તરફની સમાનતાની ભાવના છે-નહિ કે મોટા જીવો માટે નાના જીવોના સહારની જો મનુષ્યોની રક્ષા માટે ક્ષુદ્ર જીવજન્તુઓની હિંસાને ધર્મપુણ્ય માનનારા યજ્ઞ-હિંસાનો વિરોધ કરે તે ન્યાયી ન બની શકે જૈનોએ એ વિચારવુ જોઈએ કે મોટાને માટે ક્ષુદ્ર જીવોની હિંસામા ઓછુ પાપ અને ઘણો ધર્મ ' માનીને તેઓ કઈ દિશામા જઈ રહ્યા છે?

અસત્ય સાથે હિંસાનો કાયમનો સબધ છે પરિગ્રહ હિંસાનુ મૂળ છે એટલે એના વડે પણ દયાની કલ્પના કરવી વ્યર્થ છે ' જ્યા અહિંસા છે, ત્યા કોડી પણ રહી શકતી નથી. " વિશુદ્ધ અહિંસાના પ્રયોગમા ગાંધીજીના આ શબ્દો જૈન દૃષ્ટિબિન્દુથી જરાય જુદા નથી

પારમાર્થિક દયા

આમ તો દયા અપારમાર્થિક હોતી નથી, છતા પણ જેમા
મોહ હોય એવી પ્રવૃત્તિ જેને લોકદૃષ્ટિએ દયા કહેવામા આવે છે
તેનાથી રાગ વગરની પ્રવૃત્તિ (માત્ર્યર્થ પૂર્ણ ધા)ને અલગ કરવા
માટે એને પારમાર્થિક ' [શેષણ લગાડવુ તે યોગ્ય છે આસ્તિક
ભાવનામા પરમ અર્થ આત્મ-શુદ્ધિ છે આત્મા કર્મના આવરણથી
મલિન થાય છે આ મલિનતાને લીધે આત્માના આચાર તથા વિચાર
ખરાબ બને છે ખરાબ પ્રવૃત્તિથી એની અધોગતિ થાય છે એને
જાતજાતની યાતનાઓ ભોગવવી પડે છે ધાર્મિક દૃષ્ટિબિંદુ એ છે કે
આત્મા કર્મ બાંધે નહિ એવા ઉપાય શોધવા. સંસારી પ્રાણી
શરીરને જ સર્વ કાંઈ માને છે-આત્માને નહિ પરંતુ એ સમજવુ
જોઈએ કે શરીર નશ્વર છે તે રહે તો શુ અને ચાલ્યુ જાય તો શુ?
આત્મશુદ્ધિ વગર ધર્મ હોઈ જ ન શકે ક્ષણિક યાતનાઓને દૂર
કરી ક્ષણિક શાંતિ પહોંચાડવી એ દયાધર્મનું રહસ્ય નથી ખરી
વસ્તુ તો એ છે કે આત્માને પાપના આચરણથી બચાવવો
એ જ પરમ પુરુષાર્થ છે પરમ હિત કે પરમ
છે

જગત માટે કહેવામાં આવ્યું છે કે, 'परत्वात् आत्मनाशा दया।' લોકદૃષ્ટિ અને આધ્યાત્મદૃષ્ટિ વચ્ચે આ ઘણો મોટો તફાવત છે પહેલામાં શરીરનું પ્રાધાન્ય છે આત્માની ગૌણતા. બીજામાં આત્માનું પ્રાધાન્ય છે અને શરીરની ગૌણતા. શરીર અને પ્રાણોની ચિન્તાથી વ્યાકુળ થનાર વ્યક્તિ પારમાર્થિક દયાની મર્યાદા પર પહોંચતી નથી. રાગ દ્વેષ મોહ વગેરે અનેક કારણોથી જે કાર્ય થાય છે તે [illegible] હોય કે નહિ પણ તે હિંસાત્મક જ. જરૂરિયાતો પૂરી કરવા માટે પણ જે હિંસા થાય છે તે હિંસા જ છે. હિંસાને પૂરેપૂરી ટાળી ન શકાય તો તેને પોતાની શક્તિ અનુસાર ઓછી એ બીજી વાત છે પણ હિંસા અહિંસા બની શકતી નથી. એક વ્યક્તિ અપરાધી અને નિર્દોષ એ બન્નેને મારવાનું છોડી દે છે બીજી વ્યક્તિ [illegible] આટલી ક્ષમતા નથી તે માત્ર નિર્દોષને જ મારતી [illegible] [illegible] સમજવાની વાત એ છે કે બીજી વ્યક્તિએ નિર્દોષ [illegible] દીધું તે અહિંસા છે પરંતુ અપરાધી [illegible] અહિંસા નથી.

અહિંસા અને તેના વિચારકો

અહિંસાની વ્યાખ્યા જુદા જુદા વિચારકોએ જુદી જુદી ભાષાઓમાં કરી છે છતાં પણ એમનું તત્ત્વ એક છે ભગવાન મહાવીરે કહ્યું છે કે—

' अहिंसा निउणं दिट्ठा सव्वभूएसु संजमो ' અર્થાત્ સર્વ પ્રાણીઓ તરફ સંયમ રાખવો તે જ (પૂરી) અહિંસા છે

सुत्तनिपात धम्मिकसुत्तમાં મહાત્મા બુદ્ધે કહ્યું છે

" पाणे न हाने न च घातयेय
न चानुमञ्ञा हनतं परेसं ।
सब्बेसु भूतेसु निधाय दंडं,
ये थावरा ये च तसंति लोके ॥ "

અર્થાત્ જંગમ કે સ્થાવર જીવોને ન મારે, ન મરાવે અથવા મારનારને અનુમોદન ન આપે

" मित्रस्याहं मित्रस्य चक्षुषा पश्यामि "

(યજુર્વેદ)

બની શકતો નથી પૂર્ણ સંયમીની સામે મુખ્ય પ્રશ્ન અહિંસાનો છે જીવનનિર્વાહના પ્રશ્ન તેને માટે ગૌણ હોય છે એને શરીરનો મોહ હોતો નથી શરીર જ્યાં સુધી અહિંસાનું સાધન રહે ત્યાં સુધી જ તે તેને માન્ય હોય છે એને શરીરનો ત્યાગ કરવામાં કદી પણ સંકોચ નહિ થાય જેમ કે આચારાંગમાં દર્શાવ્યું છે કે–" ઇહ સંતિ ગયા દવિયા ણાવકંખંતિ જીવિઉં " સંયમી પુરુષ બીજા પ્રાણીઓની હિંસા દ્વારા પોતાનું જીવન ટકાવવા ચાહતો નથી અપૂર્ણ સંયમી હિંસામાંથી પૂરેપૂરો બચી શકતો નથી એટલે તેને માટે હિંસાના બે પ્રકાર પાડવામાં આવ્યા છે —

(૧) અર્થ (આવશ્યક) હિંસા

(૨) અનર્થ (અનાવશ્યક) હિંસા

આવશ્યક હિંસા અર્થાત્ જીવનનિર્વાહ માટે થનારી અનિવાર્ય હિંસાને ત્યાગી ન શકાય તો અનાવશ્યક હિંસાને જરૂર તજવી પણ ત્યારે પોતાની નિર્બળતાથી જે હિંસા કરવી પડે તેને અહિંસા કે ધર્મ તો ન જ સમજાય

શ્રી. મશરૂવાળાએ પણ અહિંસાના વિશુદ્ધ અને વ્યવહાર્ય એવા બે ભેદ કરીને વ્યવહાર્ય અહિંસાનો અર્થ સમજાવતા લખ્યું છે કે –

'બુરાઈ વગરની અને ભલાઈના અંશવાળી ન્યાયી સ્વાર્થવૃત્તિ વ્યવહાર્ય અહિંસા છે તે આદર્શ કે શુદ્ધ અહિંસા નથી '

લૌકિક દૃષ્ટિની પ્રધાનતાથી જે રીતે જૈન તાર્કિકોએ વાસ્તવમાં પરોક્ષ એવા ઇન્દ્રિય-માનસ-જ્ઞાનને સાંવ્યવહારિક પ્રત્યક્ષ માનેલ છે તે જ પ્રમાણે ઉપરના અર્થમાં લોકપ્રિયતાની રક્ષા કરતી વખતે અર્થહિંસાને વ્યવહાર્ય અહિંસાનું રૂપ આપેલું માલૂમ પડે છે કારણ કે લોકદૃષ્ટિમાં સર્વ પ્રકારની હિંસા કે સર્વ સ્વાર્થદૃષ્ટિ ખરાબ

માનવામાં આવતી નથી. લોકદૃષ્ટિમાં હિંસા નૈતિક અને અનૈતિક કાર્યના રૂપમાં [illegible] છે. સામાજિક ન્યાય અને [illegible] સીમા સુધીની હિંસા નૈતિક કાર્યનું રૂપ લે છે તથા [illegible] અને [illegible]ની મર્યાદામાં હિંસા અનૈતિક [illegible] છે. ઉદાહરણ તરીકે એક મનુષ્ય બીજા કોઈ મનુષ્યની હત્યા કરી [illegible] સમય ત્યાં એક ત્રીજી વ્યક્તિ આવી જાય. તેણે દુશ્મનાવટથી હત્યા ન કરવા સમજાવ્યું. દુશ્મનાવટે એની વાત ન માની ત્યારે તેણે નબળાને પણ [illegible] અને દુશ્મનાવટોની સામે આવી દુશ્મનાવટીને મારી નાખ્યા. સામાજિક નીતિ કે વ્યવસ્થા અનુસાર નબળાને બચાવનારને હિંસક માનવામાં આવતો નથી. ઊલટું એમ કરવું તે એનું કર્તવ્ય સમજવામાં આવે છે અને નિર્બળને સહાય ન કરવી તે અયોગ્ય માનવામાં આવે છે. ધાર્મિક સીમા તેનાથી જુદી છે. દુશ્મનાવટને ઉપદેશ આપવો તે ધર્મને માન્ય છે. તે ઉપદેશ ન માને તો તે સ્થિતિમાં એને મારી નાખવો તે ધાર્મિક મર્યાદાને અનુકૂળ નથી. ઉપદેશકનું કાર્ય છે હિંસકની હિંસા છોડાવવાનું અને નહિ કે હિંસકની હિંસાનું મૂલ્ય ચૂકવવાનું—નહિ કે હિંસકને બદલે પોતે જ હિંસા કરવાનું.

सव्वं जगं तु समयाणुपेही,
पियमप्पियं कस्सइ नो करेज्जा।

સર્વ જગતને સમાન દૃષ્ટિથી જોનાર કોઈનું પણ પ્રિય કે અપ્રિય ન કરે. આ અહિંસાનો સિદ્ધાન્ત છે. એક પ્રાણીની રક્ષા માટે બીજા પ્રાણીને મારવું કે કષ્ટ પહોંચાડવું તે અહિંસાની દૃષ્ટિએ ક્ષમ્ય નથી. ભગવાન મહાવીરે હિંસા કરવાનાં કારણોનો ઉલ્લેખ કરતાં કહ્યું છે કે * अप्पेगे हिंसिंसु मेत्ति वा वहंति अप्पेगे हिंसंति मेत्ति वा वहंति अप्पेगे हिंसिस्संति मेत्ति वा वहंति. કેટલીક વ્યક્તિ 'તેણે મને પહેલાં માર્યું હતું' એમ માની મારે છે, કેટલાક,

* आ ३-१

આ મને મારી રહ્યો છે એટલા માટે મારે છે અને કેટલાક આ મને મારશે એટલા માટે મારે છે આ સર્વ હિંસા છે એટલા માટે આચાર્ય ભિક્ષુએ કહ્યુ કે અહિંસાનુ પાલન બીજાઓને ઉપદેશ દ્વારા સમજાવટ કરીને કરાવી શકાય છે જબરદસ્તીથી હિંસકની હિંસા છોડાવી શકાતી નથી

મુસલમાન અને ગૌહત્યાની ચર્ચાઓનુ સમાધાન કરતી વખતે મહાત્મા ગાંધીજીએ જે વિચાર વ્યક્ત કર્યો છે તે આચાર્ય ભિક્ષુના વિચારોથી જરા પણ જુદા નથી અહિંસાના અન્વેષકોમા એવી વિચારોની સમાનતા હોવી એ કોઈ આશ્ચર્યની વાત નથી મહાત્મા ગાંધીજી લખે છે તો શુ ગાયને બચાવવા માટે મુસલમાનો સાથે લડીશ કે એમની હત્યા કરીશ? એમ કરવાથી તો હુ મુસલમાન અને ગાય બંનેનો દુશ્મન બનીશ ''

(હિંદસ્વરાજ્ય પૃષ્ઠ ૭૭)

'મારો કોઈ ભાઈ ગોહત્યા પર ઉતરી પડે તો મારે શુ કરવુ જોઈએ? હુ એને મારી નાખુ કે તેના પગ પકડીને તેને એમ ન કરવાની પ્રાર્થના કરુ? અગર આપ કહો કે મારે પાછલો ઉપાય યોજવો જોઈએ તો પછી પોતાના મુસલમાન ભાઈની સાથે પણ મારે આ જ પ્રમાણે વ્યવહાર ચલાવવો જોઈએ

(હિન્દ સ્વરાજ્ય પૃષ્ઠ ૭૧)

' એમ તો ક્યાય લખ્યુ નથી કે અહિંસાવાદી કોઈ આદમીને મારી નાખે તેનો ગુનો તો શીખ્યો છે એકને બચાવવા માટે તે બીજાની હત્યા કરી શકતો નથી તેનો પુરુષાર્થ અને કર્તવ્ય તો માત્ર વિનમ્રતા સાથે સમજાવવામા છે

(હિંદ સ્વરાજ્ય પૃષ્ઠ ૭૬)

એ રીતે વિશુદ્ધ અહિંસાના જેટલા વિચારકો થયા છે એમણે બીજાઓ મારફત અહિંસાનુ પાલન કરાવવાની સીમા કેવળ ઉપદેશની જ રાખી છે

દયાના બે પ્રકાર

ધાર્મિક જગત દયાની બાબતમાં જેટલું [illegible] છે એટલું કદાચ બીજા કોઈ વિષયમાં [illegible] નહિ હોય. ધર્મ પર વિશ્વાસ ન રાખનારાઓ માટે તો દયા એક [illegible] કે રાષ્ટ્રીય વ્યવસ્થા છે પણ, જે ધર્મમાં શ્રદ્ધા ધરાવે છે એમની દૃષ્ટિમાં દયા આત્મસાધનાનું અંગ છે રાગ, દ્વેષ [illegible] મોહ રૂપ પ્રવૃત્તિ અહિંસાત્મક હોતી નથી અને જેમાં અહિંસા ન હોય તે દયા પણ હોતી નથી આ જ સિદ્ધાન્તને [illegible] આચાર્ય ભિક્ષુએ ભાર દઈને જણાવ્યું કે, "લૌકિક [illegible] અને પારમાર્થિક સામાજિક સંબંધો [illegible] નાગરિક કર્તવ્યો બજાવવા વહેવારુ દયા છે અને [illegible] માટે પરમાર્થિક (દયા) નામ એક હોવાથી બન્નેનું [illegible] નથી.

"गाय भैंस आक थोरह ना [illegible] ही दूध"

અર્થાત ગાય અને ભેંસનું દૂધ પણ દૂધ જ કહેવાય છે અને આક તથા થોરનું દૂધ પણ દૂધ કહેવાય [illegible] પ્રમાણે વહેવારુ [illegible] પણ દયા કહેવાય છે અને પારમાર્થિક દયા પણ દયા કહેવાય છે.

એમનાં સ્વરૂપમાં આપતા અને આક્રમણ દૂધ જોડ્યો છે. હોય છે
આ સિદ્ધાંતનો લોકોએ પ્રબળ વિરોધ કર્યો. આચાર્ય ભિક્ષુને
'દયાના ઉત્થાપક' સુદ્ધાં કહેવામાં આવ્યા. એમની સામે વેર
વાળવા માટે, 'ઉંદર બિલાડી, ગાયો ની ગળની છાપરી, ભીંતથી પડી
જતું બાળક' વગેરે લોકોને ભ્રમણામાં નાખે એવા કુટિલ પ્રશ્નો ઊભા
કરવામાં આવ્યા.

અસ્તુ આચાર્ય ભિક્ષુનું દૃષ્ટિબિન્દુ આ બાબતમાં સ્પષ્ટ છે.
એમણે વસ્તુસ્થિતિને સ્પષ્ટ કરવા માટે દયાના સ્વરૂપનું અલગ અલગ
પ્રતિપાદન કર્યું છે. તે કારણસર એમના પર દયાધર્મને દૂર કરવાનો
અને દયાના બે ભેદોની સ્થાપના કરવાનો આરોપ મૂકી શકાતો નથી.
આચાર્ય ભિક્ષુએ દયાના બે પ્રકાર સાથે શાસ્ત્રીય મતને પ્રકાશમાં
આણ્યો છે અને નહિ કે દયા બે પ્રકારની હોય છે એવા સિદ્ધાંતનું
(નવું) સંસ્થાપન કર્યું છે.

'द्वौ हि धर्मौ गृहस्थाना लौकिक पारलौकिक ।
लोकाश्रयो भवेदाद्य पर स्याद्वादगाश्रय ॥ १ ॥

અર્થાત્ ગૃહસ્થોના ધર્મ બે છે. લૌકિક અને પારલૌકિક.
પહેલાનો આશ્રય લોક વ્યવહાર અને બીજાનો આશ્રય સ્યાદ્વાદ.
સોમદેવસૂરિના આ વિચારો અને આચાર્ય ભિક્ષુના વિચારોમાં કશો
ભેદ નથી.

આ સિદ્ધાન્તના વિરોધમાં અન્તિમ દલીલ એ જ હોય છે કે
વહેવારુ દયા તે આત્મસાધના નથી તો જૈન ગૃહસ્થ એનું પાલન
કેવી રીતે કરશે? સોમદેવસૂરિએ ઘણા સુંદર શબ્દોમાં એનું સમા-
ધાન કર્યું છે —

' सर्व एव हि जैनाना, प्रमाण लौकिको विधि ।
यत्र सम्यक्त्वहानिर्न, यत्र न व्रतदूषणम् ॥

૨—મનુષ્ય અને પશુની ચિકિત્સાનો પ્રબંધ કરવો જોઈએ ફળફૂલ જ્યાં ન હોય ત્યાં મોકલાવવા જોઈએ અને માર્ગોમાં પશુએ અને મનુષ્યોના આરામ માટે વૃક્ષો રોપાવવા જોઈએ અને કૂવા ખોદાવવા જોઈએ

(બીજો શિલાલેખ)

૩—બુઢ્ઢાઓને માન આપવું જોઈએ અને વૃદ્ધોની સેવા કરવી જોઈએ

(ચોથો શિલાલેખ)

૪—વૃદ્ધોના દર્શન કરવા—અને એમને સુવર્ણનું દાન આપવું જોઈએ

(આઠમો શિલાલેખ)

૫—દાસ અને સેવકો તરફ યોગ્ય વ્યવહાર કરવો જોઈએ અને ગુરુઓને માન આપવું જોઈએ.

(નવમો શિલાલેખ)

૬—અનાથ અને દુખીઓ તરફ દયા રાખવી જોઈએ

(સાતમો સ્તંભલેખ)

આ જરા પણ ઉપકાર નથી. પહેલાના રાજાઓએ અને મેં પણ વિવિધ પ્રકારના સુખોથી લોકોને સુખી બનાવ્યા છે પણ મેં આ સુખની વ્યવસ્થા એટલા માટે કરી છે કે જેથી લોકો ધર્મ અનુસાર આચરણ કરે

(નીચેની બાજુ ૬૧, સાતમો સ્તંભલેખ,

આ શિલાલેખોથી એ સાફ સાફ જણાઈ આવે છે કે લોકોના સુખની વ્યવસ્થા કરવી તે રાજાઓનું કર્તવ્ય છે એમાં ઉપકાર કે ધર્મની દુહાઈ આપવાની કશી જરૂર નથી સુખની વ્યવસ્થા કરવાનું પ્રયોજન દર્શાવવામાં આવ્યુ છે તેનો આશય એ છે કે લોકો જ્યાં સુધી જીવનની આવશ્યકતાઓથી મુક્ત નહિ થાય ત્યાં સુધી

તેઓ ધર્મ અનુસાર આચરણ નહિ કરી શકે એટલા માટે જરૂરી ચિન્તાઓ દૂર કરવી એ રાષ્ટ્રનુ કર્તવ્ય છે એટલા માટે હુ સુખની વ્યવસ્થા કરુ છુ લોકો આ ચિન્તાઓથી મુક્ત બની ધર્મ અનુસાર આચરણ કરે. આચાર્ય ભિક્ષુનુ દૃષ્ટિબિન્દુ પણ આ જ છે કે લોકો રાષ્ટ્રીય કર્તવ્ય કે નાગરિક કર્તવ્યમાત્રને આધ્યાત્મિક ધર્મ આત્મસાધના કે મોક્ષનો માર્ગ ન માને મને વિશ્વાસ છે કે આ દૃષ્ટિબિન્દુનુ પૃથક્કરણાત્મક અધ્યયન કરવાથી ધર્મ અને રાજ્યના કાર્યોમાં થતા સમિશ્રણની સમસ્યાનુ નિરાકરણ થઈ શકે છે

જીવનના બે પ્રવાહ છે—આધ્યાત્મિક અને વહેવારૂ આ બને એક જ વ્યક્તિને આશ્રયે રહેતા હોવા છતા પણ એક નથી રાગ-દ્વેષ-મોહ યુક્ત વિચાર કે આ પ્રવૃત્તિઓ વહેવારૂ છે અને તેના સિવાયના વિચાર અને પ્રવૃત્તિઓ આધ્યાત્મિક છે ઉદાહરણ તરીકે અનાજની વ્યવસ્થા, વાહન-વ્યવહાર, ચિકિત્સા, વ્યવસ્થા સુરક્ષા આદિ કાર્યો વહેવારૂ છે અહિંસા, સત્ય આદિ આધ્યાત્મિક છે લોક-વ્યવહારમા વહેવારૂ કાર્યોનુ મહત્ત્વ હોય છે અને આધ્યાત્મિક દૃષ્ટિથી આધ્યાત્મિક કાર્યોનુ મહત્ત્વ હોય છે આ રીતે બંનેનુ કાર્યક્ષેત્ર અલગ અલગ માનવાથી યથાસંભવ બંનેની સ્વતત્રતામા કશો અતરાય ઊભો થતો નથી જેમકે, મહાત્મા ગાધીજીએ લખ્યુ છે કે રાષ્ટ્ર પોતાના આરોગ્ય વાહન-વ્યવહાર, વિદેશનીતિ, આર્થિક વ્યવસ્થા આદિ બાબતોની દેખભાળ કરશે પરંતુ મારા કે આપના ધર્મની દેખભાળ નહિ કરે. આ પ્રત્યેક વ્યક્તિની અગત બાબત છે

વિશુદ્ધ દયા અને લોકવ્યવહાર્ય દયા

જે ભાવનાથી હૃદય દ્રવી જાય એનું નામ દયા છે. દયાની ઉત્પત્તિ માનસિક વિચારો સાથે સંબંધ ધરાવે છે. બાહ્ય વસ્તુઓ સાથે એનો સંબંધ છે. દયાપાત્ર વસ્તુ, બનાવ વગેરે બાહ્ય બાબતોના વિચાર અથવા દર્શનથી મનમાં એક પ્રકારનું મન્થન થાય છે, હલચલ મચે છે તે જ્યારે રાગ અને દ્વેષ વગરની હોય છે ત્યારે અધ્યાત્મદયા કહેવાય છે અને રાગદ્વેષવાળી હોય છે ત્યારે લોકદયા કહેવાય છે. દયાના બે હોઈ શકતા નથી. તે તો માત્ર વિશુદ્ધ જ હોય એમ માનવું તે આગ્રહ સિવાય કશું જ નથી. આ વિષયને સમજવા માટે આપણે દયાની સરખામણી ધ્યાનની સાથે કરવી પડશે. ધ્યાનનો અર્થ એકાગ્રથી ચિન્તન કરવું તેવો થાય છે. એકાગ્રતાથી ચિન્તન કરવું તે મોક્ષનું સાધન છે પણ સઘળી એકાગ્રતા મોક્ષનું સાધન હોતી નથી. જીવન-નિર્વાહ કેવી રીતે કરવો, પૈસા કેવી રીતે કમાવા, કુટુંબ સમાજ કે દેશની વ્યવસ્થા કેવી રીતે કરવી, અનાથોની વ્યવસ્થા કેવી રીતે કરવી વગેરે બાબતોનું ચિન્તન સાંસારિક બંધન છે. મોક્ષનો અર્થ છે સાંસારિક બંધનોમાંથી

છુટકારો મેળવવો. આ પ્રમાણે દયાના બે ભેદ છે. એમાં વિશુદ્ધ દયા મોક્ષનું સાધન છે અને વ્યવહાર્ય દયા સાંસારિક બંધન છે

સાંખ્યદર્શનમાં પણ મોહવાળી દયાને સાંસારિક બંધન કહેવામાં આવી છે

"असाधनानुचिन्तन बन्धाय भरतवत्"

(સાંખ્યદર્શન અધ્યાય ૪ સૂત્ર ૭)

અર્થ – ' જે મોક્ષનું સાધન નથી પણ ધર્મમાં ગણીને એનું વર્ણન કરવામાં આવે તો તેનો જે વિચાર છે તે કેવળ બંધનનું જ કારણ બનશે અને નહિ કે મોક્ષનું ' આ સૂત્રમાં પણ જોઈશું કે અધ્યાત્મ દૃષ્ટિથી દયાના સ્વરૂપ પર વિચાર કરીને તેના બે ભેદનો સ્વીકાર કર્યો છે આમ છતાં પણ કોઈને મનમાં બેની બાબતમાં સંદેહ રહે તો તેમણે થોડું કષ્ટ ઉઠાવીને વિચારવું જોઈએ કે ધ્યાન શુદ્ધ અને અશુદ્ધ એમ બે પ્રકારનું હોય છે તો દયા શા માટે બે પ્રકારની હોઈ ન શકે?

દયા શું છે?

પ્રાણીમાત્રને અભય બનાવવા, મનાવવા નહિ અને તેમને જરા પણ પીડા ન કરવી તે દયા છે અનુકંપાનો વિસ્તાર કરતા આગમોમાં બતાવવામાં આવ્યું છે કે જેમાં પ્રાણી ભૂત, જીવ અને સત્ત્વો મારી ન નાખવા, એમના પર પ્રહાર ન કરવો અને તેમને શોકથી તપાવવા નહિ તે અનુકંપા છે સંભવ છે કે આ બાબતમાં કોઈ બેમત કોઈ ન શકે દુ ખી પ્રાણીના દુ ખથી દ્રવિત બનવું હિંસા વગેરે દુરાચારમાં પ્રવૃત્ત રહેતી વ્યક્તિઓને એમનો આત્મા સુધારવાની દૃષ્ટિથી ઉપદેશ આપવો, પ્રાણીમાત્રની આત્મા સુધરે તેટલા માટે વિચાર કરવો અથવા કાર્યો કરવા વગેરે પ્રવૃત્તિઓ અધ્યાત્મદયા છે એમાં કશો વિવાદ નથી વિવાદાસ્પદ વિષય એ છે કે જરૂરિયાતોને સંતોષવી, જેમના વિના શરીર ટકી ન શકે એવી જરૂરિયાતોને સંતોષવી, 'બીજા શબ્દોમાં, શરીરની રક્ષા કરવી' દુઃખ દૂર કરવું, ઇચ્છાઓ પૂરી કરવી દુ ખ જોઈને રાગદ્વેષ સાથે દ્રવી જવું અને જે અતૃપ્ત હોય તેને તૃપ્ત કરવું એ શું છે? દયા છે કે નહિ? દયાની બાબતમાં ઉઠતી આ શંકાઓનું સમાધાન કરતા આચાર્ય

ભિક્ષુએ આ જ દર્શાવ્યું છે કે આ પ્રવૃત્તિઓ આધ્યાત્મિક દયા મનતી નથી સંસારની નીતિ અનુસાર આ બધી દયા કહેવાય છે, એટલા માટે એમને સાંસારિક દયા માનવા છતાં તત્ત્વ-વ્યવસ્થામાં કશો વાંધો આવતો નથી એમાંથી દરેકનું અલગ અલગ પૃથક્કરણ કરવાથી આપણને એમ જણાશે કે એમાં મોક્ષમાર્ગનાં તત્ત્વ હોતું નથી પણ સમાજ ની વ્યવસ્થા કે સાંસારિક ગધોના તત્ત્વો પૂરેપૂરા ભરેલા છે

હવે પહેલો પ્રશ્ન હાથ ધરીએ-પ્રાણીઓની જરૂરિયાતો જુદી જુદી છે એમને પૂરી કરવાના પ્રકાર પણ જુદા જુદા છે કોઈને ધનની જરૂરિયાત છે કોઈને આની તો કોઈને તેની જરૂરિયાત છે આ પ્રમાણે સ્થૂલ સાધનોથી સ્થૂલ જરૂરિયાતો સંતોષવી તે અધ્યાત્મ મા નથી ઉપાધ્યાય યશોવિજયજીએ કહ્યું છે કે –

"पुद्गलैः पुद्गलास्तृप्तिं यान्त्यात्मा पुनरात्मना।
परतृप्ति समारोपा, ज्ञानिनस्तन्न युज्यते ॥"

અર્થાત્ સાંસારિક સાધનેથી સાંસારિક ઇચ્છાઓ તૃપ્ત થાય છે આત્મા આત્માના ગુણોથી તૃપ્ત થાય છે સાંસારિક સાધનોથી આત્માની તૃપ્તિ થાય છે એમ માનવું તે જ્ઞાનીને માટે યોગ્ય નથી અનિવાર્ય જરૂરિયાતોને પૂરી કરવાના પ્રશ્ન પણ પહેલાથી કઈ વધારે જુદો નથી શરીર ટકી રહે એ કઈ ધર્મ નથી એના જવાબમા કહેવામા આવે છે કે જો શરીર પણ ન રહે તો ધર્મનું પાલન કેવી રીતે થાય? પણ આ શુષ્ક તર્ક છે શરીર રહેવા છતાં પણ શરીરધારી ધર્મનું પાલન કરશે કે અધર્મ કરશે તે કોણ જાણે છે?–એ તો ભવિષ્યની વાત છે આપણે વર્તમાન સ્થિતિનું પાલન કરવાનું છે શરીર અને પ્રાણોનો મોહ હોવો ન જોઈએ

"जातस्य हि ध्रुवो मृत्युर्ध्रुवं जन्म मृतस्य च।"

જે જન્મ પામેલ છે તે જરૂર મૃત્યુ પામશે અને જે ""

પામેન છે તે જરૂર જન્મશે (ગીતા) આ સિદ્ધાન્તને માનનારા આસ્તિકો શરીરના આટલો મોહ શા માટે રાખે છે? નાસ્તિક શરીરનો મોહ કરે તે ન્યાય હોઈ શકે છે કારણ કે તેને ફરી આવુ શરીર મળવાની આશા પણ હોતી નથી પરંતુ પુનર્જન્મ અને આત્માની અમરતા પર વિશ્વાસ કરનાર આસ્તિક પણ શરીરનો મોહ રાખે તો શુ તે ચોક્કસ અર્થમા નાસ્તિક નથી? આસ્તિકની દૃષ્ટિમા શરીરની રક્ષાનો પ્રશ્ન સર્વોચ્ચ નથી

દયાના નામે શરીરની રક્ષાનો પ્રશ્ન એટલો જટિલ બની ગયો છે કે સાધારણ વ્યક્તિ મૂળતત્ત્વ સુધી પહોચી શકતી નથી ખેર, ગમે તે હોય, શરીરની રક્ષા એ છેવટે તો શરીરની રક્ષા જ છે અને આત્મસુધારણા નથી આત્મસુધારણાના નામે શરીરની રક્ષાને અધ્યાત્મ દયા માની ન શકાય દુ ખ દૂર કરવાનો પ્રશ્ન પણ સરળ નથી તત્ત્વદૃષ્ટિ અનુસાર દુ ખ એ કર્મનુ બધન છે અને અનાજપાણીથી એ કાપી શકાતુ નથી તાત્પર્ય એ છે કે સ્થૂળ પદાર્થોથી દુ ખ કાયમ માટે દૂર થતુ નથી કપિલ મુનિએ પણ કહ્યુ છે કે -

*"न दृष्टात् तत्सिद्धिर्निवृत्तेऽप्यनुवृत्ति दर्शनात्"

અર્થાત્ મનુષ્યના આધ્યાત્મિક વગેરે ત્રણ પ્રકારના દુ ખો સસારના જોઈ શકાય એવા (ભૌતિક) પદાર્થોથી દૂર થઈ શકતા નથી કારણકે એમનાથી દુ ખ દૂર થાય છે કે તરત જ ફરી દુ ખ શરૂ થાય છે કલ્પના કરો કે એક મનુષ્યને ભૂખનુ દુ ખ છે આ દુ ખ દૂર કરવા બપોરે બાર વાગ્યે તે ૮ છટાક ભોજન કરે છે અને સાજે ૮ વાગ્યે તેને ફરી વાર ભૂખ લાગે છે એને સતોષવા તે ફરી ૮ છટાક ભોજન લે છે આ પ્રમાણે જ દરરોજ કરવામા આવે

* સાખ્યદર્શન પ્રથમ અધ્યાય સૂત્ર ૨ સ્વામી મેશીન યત્રાલય ઐરઠમા છપાયેલ

છે હવે વિચારવું જોઈએ કે શું એની ભૂખ બાર વાગ્યાથી ૮ વાગ્યા સુધી ૮ કલાક સુધી દૂર થઈ જાય છે ? કદાપિ નહિ શું એને સાંજે ૭ અને ૫૯ મીનીટ સુધી ભૂખ ન હતી ? અવશ્ય હતી ઠીક, ૭ વાગ્યે ભૂખ ન હતી ? અવશ્ય હતી પરંતુ એના પહેલાં ન હતી ? ના ના સહેજ તો અવશ્ય હતી. પરંતુ તે ૮ છટાકની ભૂખ જો આજના ૮ વાગ્યે પૂરી ભૂખ બની છે તો ચાર વાગે પણ ચાર છટાકની ભૂખ અવશ્ય હતી અને એક વાગ્યે બપોરે પણ એક છટાકની ભૂખ અવશ્ય હતી. તે ક્રમશઃ એક એક કલાકે એક-એક છટાક વધતી ગઈ અને વધી વધીને બરાબર આઠ વાગ્યે ફરી પહેલાની માફક પૂરી આઠ છટાક બની ગઈ આટલું જ નહિ પરંતુ એક કલાકના સાઠમા ભાગ એક મીનીટમાં છટાકના સાઠમા ભાગ જેટલી ભૂખ અવશ્ય હતી એમ માની લો કે જે સમયે તે તૃપ્ત બનીને બપોરે ઉઠ્યો તે જ સમયે તે પિશાચિણી ભૂખ સાથે સાથે ફરતી અને વધતી જતી હતી આ પ્રમાણે કોઈપણ નજરે જોઈ શકાય તેવા પદાર્થોમાં પણ દુઃખનો સંપૂર્ણ અભાવ હોતો નથી દુઃખને દૂર કરવાનો ઉપાય ત્યાગ અને તપસ્યા છે એમના વડે દુઃખના મૂળનો પૂરેપૂરો નાશ થાય છે ભગવાન મહાવીરે પોતાનું સાધુ-જીવન આ જ સાધનામાં વિતાવ્યું હતું, દુઃખોનો પૂરેપૂરો નાશ કરવાનો પ્રયત્ન કર્યો હતો પંન્યાસજી મુનિશ્રી કલ્યાણજી ગણીએ 'ભગવાન મહાવીર અને બુદ્ધ' એ શિર્ષક હેઠળ સોના લેખમાં આનું બહુ જ સુંદર રીતે પ્રતિપાદન કર્યું છે— + 'મહાવીરનું ખાસ લક્ષ્ય પોતે અહિંસક બનીને બીજાઓને અહિંસક બનાવવાનું હતું ત્યારે બુદ્ધની વિચારસરણી દુઃખીઓનો દુઃખમાંથી ઉદ્ધાર કરવા તરફ ઝૂકેલી હતી.

+ જૈન વિમર્શ-જૂન જુલાઈ આષાઢ સુદિ ૧૦ મંગળવાર વર્ષ ૭, અંક ૬-૭

ઉપર ઉપરથી ત નુ લક્ષ્ય એક જેવુ જણાતુ હતુ પરંતુ વાસ્તવમા બ નેના માર્ગોમા ભારે ફેર હતો મહાવીર દેખી શકાય તેવા અને ન દેખી શકાય તેવા દુ ખના મૂળને ઉખાડી નાખવાને મુખ્ય કર્તવ્ય સમજતા હતા અને બુદ્ધ જોઈ શકાય તેવા દુ ખોને દૂર કરવાને કર્તવ્ય સમજતા હતા પ્રથમ હતા નિ ાન કરીને સદાને માટે રોગમા ી મુક્તિ મેળવવાના માર્ગ બતાવનાર વૈદ્ય અને બીજા હતા આગળ વધેલા રોગની શાન્તિ કરનાર દાક્તર.

ભગવાન મહાવીરે કહ્યુ છે કે—

"एव खु णाणिणो सार ज न हिंसइ किंचण"

જ્ઞાનનો સાર એ જ છે કે કોઈની હિંસા ન કરવી. આ અહિંસાના સિદ્ધાન્તનો બીજા શબ્દોમા વિશ્વમૈત્રીના સિદ્ધાન્તનો તેમણે પ્રચાર કર્યો હતો "ગમે તેમ કરીને દુ ખ દૂર ક વુ એ જ દયા છે' આ સિદ્ધા તનો સ્વીકાર કરનાર દુ ખમાથી મુક્ત કરાવનાર સપ્રદાયનો તિરસ્કાર કરી શકતો નથી ભાગવતની વિચાર-પર પરામા દુ ખમાથી મુક્તિ આપનાર સપ્રદાયના વિચારોને પણ સ્થાન મળ્યું છે જે દુ ખમાથી બચે એવી આશા ન હોય તેવા દુ ખથી પી ાતા રોગિષ્ઠ પ્રાણીને મારી નાખવુ જોઈએ એવુ એનુ મન્તવ્ય છે મહાત્મા ગાધીજીની વાછરડાને મારી નખાવવાને લગતી વિચા ધારા લગભગ એનુ જ પ્રતિબિંબ છે સ્થૂળ સાધનો વડે દુખી શકાય એવા દુ ખો દૂર કરવા તે જો દયા છે તો પછી પીડાતા પ્રાણીને મારવામા દયા નથી એમ માનવાને કોઈ કારણ નથી હકીકત એ છે કે દુ ખ દૂર કરવા માટે સ્થૂળ સાધનોનો ઉપયોગ કરવો અથવા મારવુ એ બને અધ્યાત્મ-દયા નથી કારણકે દુ ખમાથી મુક્તિના બે અર્થ છે કા તો સ્થૂળ સુ ખની પ્રાપ્તિ અથવા આત્મ-વિશુદ્ધિ સ્થૂળ સુખોની ભાવના રાગ છે રાગવાળી પ્રવૃત્તિ હિંસા છે બીજો પક્ષ આત્મ-વિશુદ્ધિનો છે તેને સ્થૂળ સહાય કરવા સાથે અથવા પ્રાણત્યાગ

કરવા સાથે કશો સબંધ નથી આત્મ-શુદ્ધિનો સબંધ પોતાની [illegible]
પ્રવૃત્તિઓ સાથે છે દુઃખ થતું હોય તે અવસ્થામાં પણ જો સમભાવ-
પૂર્વક રહે છે તે પોતાના આત્માને વિશુદ્ધ બનાવે છે એટલા માટે
દુઃખની અવસ્થામાં રહેવાની કશી વાત નથી એનો આપણે [illegible]
યોગ્ય માર્ગ શીખી લેવો જોઈએ અને બીજાને શીખવી દેવો જોઈએ
આને લીધે પોતાની અને બીજાની આત્મશુદ્ધિ થઈ શકશે [illegible]
એક પ્રશ્ન ઉઠે એ સ્વાભાવિક છે કે મનુષ્યોને તો અમે [illegible]
દ્વારા સમજાવી શકશું પણ વિવેક વગરના પશુઓ માટે [illegible]
ઉપયોગી નથી એટલા માટે આવો નિરુપાય [illegible]
અને દળદળના પશુઓ—કે જેમને ઉપવાસ આદિ [illegible]
મારી નાખીએ તો એમાં હિંસા કેવી રીતે થઈ શકે? [illegible]
ધાન એક રીતે તો જરા ઉપર સમજાવવામાં [illegible]
અહીં "દ્વિરદ્ધ ગુરુદમવતિ" અનુસાર એટલું [illegible]
છે કે અહિંસાનું સ્વરૂપ એક છે એમાં સમજ [illegible]
વિવશતા વગેરેમાંથી એકની પસંદગી કરવી [illegible]
માર્ગ બે જ છે—કાં તો ઉપદેશ અથવા મૌન.

રાગ-દ્વેષનુ સ્વરૂપ

असंयति जीवनो जीवो वछइ स राग मरवो वछै ते द्वेष तवो वछै त थी वीतराग देवेरो धर्म । " ભિક્ષુ સ્વામીએ આ ત્રણ પદના સૂત્રમા રાગ-દ્વેષના સ્વરૂપનુ નિરૂપણ કર્યુ છે અને મધ્યસ્થ ભાવના સાથેનો ધર્મનો સબધ દર્શાવ્યો છે અસયમી તે છે કે જે પૂર્ણ અહિંસાના સત્યઆદિ સામાન્ય લક્ષણોને અપનાવી શક્યો નથી એને જીવત રાખવાની ઇચ્છા કરવી અને તેને માટે અનાજ પાણી, વસ્ત્રો વગેરે સાધનો મેળવી આપવા તે રાગ છે પ્રશ્ન એ ઉઠે છે કે તો જીવત રાખવાની ઇચ્છા ન કરવી તો શુ મારવાની ઇચ્છા કરવી અને મોતના સાધનો લાવવા? આનો ઉત્તર બીજુ વાક્ય આપે છે– ના, તે તો દ્વેષ છે તો પછી શુ કરવુ જોઈએ? એનુ સમાધાન કરનાર અને માર્ગદર્શન આપનાર ત્રીજા વાક્યમા જાગરુકતા છે તે કહે છે કે બને કામનાઓને છોડીને તેના આત્મકલ્યાણની ઇચ્છા કરો જેમા તેનુ તથા તમારુ એમ બનેનુ કલ્યાણ છે

રાગ અને દ્વેષની આ જૈન પરિભાષા છે અસયમી શબ્દ દ્વારા એમા સ્પષ્ટ કરવામા આવ્યુ છે કે જીવતા રહેવાની અને મરવાની

ઇચ્છા માત્ર કોઈ રાગદ્વેષ નથી પરંતુ જે જીવનમાં અસંયમ છે અર્થાત્ હિંસા, પરિગ્રહ વગેરે સાથે સબંધ રાખે છે તેવો સબંધ રાખવાની જે ઇચ્છા તે રાગ છે અને તેને નષ્ટ કરવાની જે ઇચ્છા તે દ્વેષ છે આ સિવાય સંયમી જીવન (યા મૃત્યુની)ની ઇચ્છા કરવી તે પ્રશસ્ત ભાવના છે અહિંયા જે અસંયમી જીવનની ઇચ્છા કરવાના મુખ્ય ત્રણ કારણ ગણી શકે છે સ્વાર્થ મોહ અને અજ્ઞાન અસંયમી પુરુષો કે જેમના કૌટુંબિક, સામાજિક અથવા રાજ્ય સ્વાર્થ સિદ્ધ થઈ શકે તેઓના અસંયમી જીવનની ઇચ્છા કરીએ તે સ્વાર્થ પ્રેમબંધનને લીધે અસંયમી વ્યક્તિઓનું જીવન ઇચ્છવું તે મોહ, જે વ્યક્તિ તત્ત્વની ગંભીરતા સુધી પહોંચી શકતી નથી અને માત્ર ભૌતિક સુખને જ સુખ માને એવા લોકો અસંયમી જીવન ચાહે તે અજ્ઞાન જેમ સ્વાર્થ અને મોહને લીધે [illegible] ઉત્પન્ન થાય છે તેમ આ અજ્ઞાન પણ મોહનું ગહનરૂપ છે. એવું આ પણ રાગ છે કારણ કે જીવતા રહેવું (યા રાખવું) એ પણ ધર્મ છે એવી ભ્રામક ધારણા મોહને વશ થનાર મનુષ્યમાં પ્રાયઃ મોહને લીધે થાય છે એમ ન હોય તો તેઓ હિંસા વગેરે સાથે સબંધ રાખનાર અસંયમી મનુષ્યના જીવનની ઇચ્છાને અને વિવિધ સાધનોથી એમનું પોષણ કરવું અને એવી રીતે [illegible] ભૌતિક પદાર્થોમાંથી મળતી શાન્તિ આપવાની ભાવનાને [illegible]માં એમ શા કારણથી માને? અસંયમી જીવોને મરવાની ઇચ્છા કરવી કારણ દ્વેષ કે વિરોધી ભાવના છે તે દ્વેષ તો પ્રેમ સંયમી જીવન (અને મૃત્યુ)ની ઇચ્છા કરવી તે પ્રશસ્ત ભાવના છે તે ધર્મ શાને અનુમોદન આપે છે

ઈચ્છા કેવળ એના માટે કરવી જોઈએ કે હુ સયમની આરાધના કરતો રહુ અને એમ કરતા અવસાન પામુ સયમી જીવનમા કશો મોહ નથી, માત્ર સયમની આરાધનાની ભાવના છે સયમી મૃત્યુમા કશો ઉદ્વેગ હોતો નથી માત્ર સયમી અવસ્થામા જ મૃત્યુ પામવાનુ લક્ષ્ય હોય છે એટલે આ ભાવનાઓ રાગદ્વેષ-ગર્ભિત છે આ બાબતમા આપણે ભિક્ષુ સ્વામીએ રચેલા કેટલાક પદ્યોનુ અધ્યયન કરવુ જોઈએ કે જેથી આ ગુચવણનો મને માટે અન્ત આવે

“ चाहै मरणो जीवणो ते धर्म तणो नहीं अश।
आ अनुकपा किया थका वधै कमनो वश।

જીવવાની અને મરવાની ઈચ્છા કરવામા ધર્મનો અશ પણ નથી જે મનુષ્ય આ મોહ અનુકપા કરે છે એના કર્મનો વશ વધે છે, અને તે કર્મબધના પાપથી મુક્ત થઈ શકતો નથી

“ मोह अनुकपा जे करे तिणमे राग ने द्वेष।
भोग वधै इद्रिया तणो अन्तर ऊडो देख ॥”

મોહ-અનુકપામા રાગ અને દ્વેષ રહે છે અને તેને લીધે પાચ ઈન્દ્રિયના શબ્દ, રૂપ, રસ, ગન્ધ અને સ્પર્શના મુખ્ય ભોગોની વૃદ્ધિ થાય છે માટે તે (મોહ-અનુકપા) અહિંસા નથી આ તત્ત્વને અદરની દૃષ્ટિથી જુઓ અર્થાત સ્થૂળ દૃષ્ટિનો પડદો હટાવીને એની આધ્યાત્મિક દૃષ્ટિથી પરીક્ષા કરો

“ आपणो वछै तो ही पापो परनो पुण वाछै सतापो।
मरणो जीवणो वछै अज्ञानी, समभाव राखै सुज्ञानी ॥”

પોતાના અસયમી જીવનની ઈચ્છા કરવી તે પણ પાપ છે તો પછી બીજાના અસયમી જીવનની ઈચ્છાથી કોણ સન્તાપ ખરીદે ? અજ્ઞાની જીવ મૃત્યુ અથવા જીવન વાછે છે અને સુજ્ઞાની જીવ સમભાવ રાખે છે

"पोते पच्यो मरवा थकी, दूजो कियो हो तिण रे
जीवण रो उपाय। तीजो पिण भलो जाणें जीविया,
या तीना में हो सिद्ध गति कुण जाय ॥ २२ ॥'
कुशलें रह्यो तिण रे अव्रत घटी नहीं, तो दूजाने हो तुम
जाणज्यो एम। भलो जाण्यो तिण रे व्रत न निपना,
ए तीनो ही हो सिद्धगति जासी केम ॥ २३ ॥'
"जीविया जिवाया भलो जाणिया ये तीनो ही हो
करम सरीखा जाण। थोथो चतुर होसी ते
समझसी अण समज्या करसी हो ताणाताण ॥ २४ ॥'

એક જીવ જાતે જ પોતાને મૃત્યુથી બચાવે છે, એક બીજા કોઈને જીવત રાખવાના ઉપાય કરે છે અને એક આ કાર્યને સારુ સમજે છે આ ત્રણમાથી સિદ્ધગતિ કોણ પામશે? એક મનુષ્ય પોતાની જાતને મૃત્યુમાથી બચાવી લીધી બીજા કોઈએ એને સહયોગ આપ્યો અને કોઈ ત્રીજાએ આ કાર્યને સારુ ગણ્યુ આ ત્રણમાથી મોક્ષ કોને મળશે? કારણ કે આ ત્રણમાથી કોઈને પણ સયમ ઓછુ ન થયુ અને સયમી થયા સિવાય મોક્ષની સાધના થઈ શકતી નથી આનો સાર એ છે કે મોક્ષનુ સાધન સયમ-વિરતિ (આશા-વાછનાઓનો ત્યાગ) છે જીવતા રહેવુ તે વિરતિ પણ નથી અને કોઈ અહિંસાત્મક પ્રવૃત્તિ પણ નથી એટલે તે ધર્મ કે અહિંસા નથી કરવુ, કરાવવુ, અનુમોદન આપવુ આ ત્રણ એક કોટિમા છે અવિરતિ સાથે જીવવુ એ અહિંસા નથી તો તેને જીવતા રાખવામા સહકાર આપવો અને એનુ અનુમોદન કરવુ તે અહિંસાત્મક કેવી રીતે થઈ શકે છે? "छ काया रा वछे मरणो जीवणो ते तो रुलसी ससार मझार। ज्ञान दर्शन चारित्र तप भलो आदरियां आदरायां खेवो पार ॥ २५ ॥' આ વિષયનો ઉપસહાર કરતા આચાર્યવર ફરમાવે છે કે-" જે જીવવા-મરવાની વાછના કરે એને

સંસારમાં ફરતો રહેશે અને જે નર જ્ઞાન દર્શન ચારિત્ર અને તપનું પાલન કરે છે અને બીજા પાસે એમનું પાલન કરાવે છે તે પરમ પદ અર્થાત્ મોક્ષ પ્રાપ્ત કરે છે

ઉપર કરેલા વિવેચનથી એમ માનવામાં આવે કે 'જે કામ કરવામાં આવે છે તે અહિંસાત્મક નથી કેમકે તે રાગજન્ય છે' એવો નિયમ માત્ર પરિચિત (સમજ્યા) વ્યક્તિઓ ઉપર જ લાગુ પાડી શકાય પણ વધે નહીં કેમકે જે અપરિચિત વ્યક્તિ છે જેને આપણે ઓળખતા નથી અથવા જે આપણને ઓળખતી નથી તેવા અપરિચિત પણ અસહાયને આપણે સ્થૂળ પશુ તથા ઢોર, મરઘડ બકરીએ એમાં રાગ કેવી રીતે હોઈ શકે? એનો ઉત્તર રૂપ પર દૃષ્ટિપાત કરવાથી મળી જાય છે કોઈ એક અપરિચિત વિદ્વાનની વિદ્વત્તાની અસાધારણતા આવી જાય છે કોઈ એક અજ્ઞાત મનસ્વી પર ક્રોધ આવે છે કોઈ એક અજ્ઞાત વ્યક્તિના સૌંદર્યને જોઈને દયા ઉત્પન્ન થાય છે શું આ દ્વેષ નથી? જો છે તો—જો રાગ ન હોઈ શકે તો અપરિચિતથી દ્વેષ કેવી રીતે થઈ શકશે? વાસ્તવમાં રાગ દ્વેષને પરિચિત કે અપરિચિત સાથે સંબંધ નથી પણ જ્યાં સુધી આત્મામાં એમનું અસ્તિત્વ રહે છે ત્યાં સુધી તે પોતપોતાના નિમિત્ત કારણો મળતાં પ્રગટ થાય છે સાહિત્યના મર્મનો અભ્યાસ કરનાર સારી રીતે જાણે છે કે રાગથી સંપૂર્ણ મુક્ત ન થયેલા પુરુષોની સામે જે પ્રકારના સાધન આવે છે તેને અનુકૂળ ભાવ બની તે તે રસ બની જાય છે શૃંગારનું ઉદ્દીપન કરનાર સાધનોથી શૃંગાર રસ કરુણનું ઉદ્દીપન કરનાર સાધનોથી કરુણા અને રૌદ્ર સાધનોથી હાસ્ય, બીભત્સ વગેરે સર્વ રસો બને છે આ પ્રમાણે રાગ અને દ્વેષને ઉદ્દીપન કરનાર સામગ્રીથી રાગ અને દ્વેષનો જન્મ થાય છે ઘણું કરીને દુઃખી દશાને જોઈને સ્નેહ અને અયોગ્ય વ્યવહારને જોઈને દ્વેષ ઉત્પન્ન થાય છે રાગ અનાદિ કાળનું બન્ધન છે અને

તે અસંખ્ય પ્રાણીઓ સાથે સંબંધ બાંધે છે. સ્થૂળ ઉત્પન્ન થ-
વાની ભાવના આ બન્ધનનું જ પરિણામ છે. રાગ બાહ્યરૂપે પ્રત્યક્ષ
ન પણ જણાય છતાં તે અનેક રંગીન પ્રવૃત્તિ કરે છે અને તે સાથે
પ્રવૃત્તિઓનો જન્મ થાય છે. એક સંસ્કૃત કવિએ સ્નેહની વ્યાખ્યા
આ પ્રમાણે કરી છે— दर्शने स्पर्शने वापि श्रवणे भाषणेऽपि वा। यद्
द्रवत्यन्तरंग स स्नेह इति कथ्यते। અર્થાત્ જોવાથી, સ્પર્શ કરવાથી
વાતચીત કરવાથી, સાંભળવાથી જે અંતર દ્રવિત થાય છે તે સ્નેહ
કહેવાય છે.

નિષ્કામ કર્મ અને અહિંસા

અહિંસાના સંબંધમાં નિષ્કામ કર્મ એક વ્યામોહ ઉત્પન્ન કરનાર વસ્તુ બની રહ્યું છે કેટલીક વ્યક્તિઓનો ખ્યાલ એવો છે કે ફલપ્રાપ્તિની આશા રાખ્યા સિવાય આપણે જે કોઈ કામ કરીએ છીએ તે અહિંસાત્મક જ છે પણ સત્ય તો એ છે કે કાર્ય નિષ્કામ ફળ પ્રાપ્ત કરવાની ઇચ્છા વગરનું હોય કે સકામ-ફળ પ્રાપ્ત કરવાની ઇચ્છાવાળું હોય પણ જેમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રૂપે હિંસા છુપાયેલી હોય તે કામ હિંસાત્મક જ છે મનુષ્ય પોતાની સગવડ માટે જે કોઈ પણ હિંસાત્મક કામ કરે છે તે તો હિંસાત્મક માનવામાં આવે છે જ અને તે જ કામ તે જ મનુષ્ય બીજાની સગવડ માટે કરે તો તે અહિંસાત્મક બની જાય એ કેવી ઘટના છે! હિંસાત્મક કામ હિંસાત્મક જ રહેશે-પછી ભલે તે પોતાને માટે કરવામાં આવે કે બીજાને માટે એમ પણ કહી શકાતું નથી કે વ્યક્તિગત કાર્યોમાં સ્વાર્થ હોય છે અને સમષ્ટિના (સાર્વજનિક) કાર્યોમાં સ્વાર્થ રહેતો નથી. ઠીક એ ક્ષણ માટે એને સ્વાર્થ ન પણ માનો અર્થાત્ લૌકિક દૃષ્ટિથી પરમાર્થ માની લો તો પણ એનું નિરાકરણ થતું

કરે છે એક તે ઘણી આસક્તિથી કરે છે અને બીજો ઓછી આસક્તિથી વધારે આસક્તિથી કરનારના કર્મનું બંધન દૃઢ થાય છે અને ઓછી આસક્તિથી કરનારનું શિથિલ થાય છે પણ એમ બની શકતું નથી કે જેટલી આસક્તિથી આપણે જે કાર્ય કરીએ છીએ એનાથી કર્મનું બંધન થતું જ નથી સૂક્ષ્મ દૃષ્ટિથી જોવાથી એવો નિર્ણય થાય છે કે આપણે જે કામ કરીએ છીએ તે જો ઉપરની ભાવનાઓવાળું હોય છે તો એમાં આસક્તિ જરૂર રહેશે પછી ભલે તે વધારે પ્રમાણમાં હોય, ઓછા પ્રમાણમાં હોય, વ્યક્ત રૂપમાં હોય અથવા અવ્યક્ત રૂપમાં અધિક આસક્તિ ધરાવનાર બદ્ધ ભાવના ધરાવે છે અને તેનાથી દૂર જવા માગતો નથી પરંતુ ઓછી આસક્તિવાળો એમ સમજે છે કે હું જે ભૌતિક સુખ વધે એવું કાર્ય કરું છું તે મારે કરવું પડે છે કારણ કે હું હજી સુધી બંધનમાંથી છુટકારો મેળવી શક્યો નથી આનો સાર એ જ છે કે જે કાર્ય અસંયમને મજબૂત બનાવે અર્થાત્ ભોગ જીવનને સહાય કરે તે ગમે તે ભાવનાથી કરવામાં આવે પણ એમાં હિંસા તો રહેવાની જ ભોગી જીવનનો અર્થ માત્ર અબ્રહ્મચર્ય જીવન એટલો જ થતો નથી જે મનુષ્ય પોતાના શરીરને સુખ આપવા માટે અથવા તેને ટકાવી રાખવા માટે કોઈ પ્રકારની હિંસા કરે છે તેનું જીવન ભોગી કહેવાય છે એટલે નિશ્ચિત રૂપે એ જાણી લેવું જોઈએ કે નિષ્કામ કર્મની ભાવનાનો સંબંધ અહિંસા સાથે છે હિંસાત્મક કાર્યોમાં નિષ્કામ કર્મની ભાવનાનો પ્રયોગ થતો નથી નિષ્કામ કર્મની ભાવના અહિંસાની ઉપાસના કરવાનું સાધન છે અહિંસાનું પાલન કોઈ પણ પ્રકારના ભૌતિક સુખોના ફળની આશા રાખ્યા સિવાય જ કરવી જોઈએ નિષ્કામ કર્મની ભાવનાનો આ જ સાચો પ્રયોગ છે

પ્રવૃત્તિ એ પ્રકારની હોય છે એમાં જે રાગદ્વેષ વગરની હોય છે તે અહિંસા અને જે રાગદ્વેષવાળી છે તે હિંસા છે બીજા સજીવ કે નિર્જીવ પદાર્થ માત્ર હિંસાના નિમિત્ત બને છે એના આધાર પર જ હિંસાના દ્રવ્ય અને ભાવ રૂપી બે ભાગ પાડવામાં આવ્યા છે દ્રવ્ય હિંસાનો અર્થ છે-પ્રાણનો નાશ થવો ભાવ હિંસાનો અર્થ છે-આત્માની ખરાબ પરિણામ લાવનારી પ્રવૃત્તિ અથવા રાગ, દ્વેષ તથા પ્રમાદ વાળી પ્રવૃત્તિ

દ્રવ્ય હિંસા તથા ભાવ હિંસાના ઉદાહરણો નીચે પ્રમાણે છે એક શિકારી હરણને મારે છે એમાં દ્રવ્ય હિંસા પણ છે અને ભાવ-હિંસા પણ છે સાવધાનીપૂર્વક હરવાફરવાથી વગેરે અનેક પ્રવૃત્તિઓ કરવાથી સંયમી પુરુષદ્વારા જેમની હિંસા અટકાવી ન શકાય એવા પ્રકારના જીવોની જે હિંસા થાય છે તે દ્રવ્ય હિંસા પરંતુ ભાવ-અહિંસા છે કારણકે એમાં એણે રાગદ્વેષવાળી પ્રવૃત્તિઓનો સંયમ કર્યો છે કોઈ મનુષ્ય ઝાંખા પ્રકાશમાં દોરડાને સાપ સમજીને તેના ટૂકડે ટૂકડા કરી નાખે છે તે દ્રવ્ય અહિંસા અને ભાવ-હિંસા છે દ્રવ્ય-હિંસા અને ભાવ હિંસા એ બંનેનો ત્યાગ મોક્ષ પ્રાપ્તિની નજીકની અવસ્થા પહેલા અસંભવિત છે હિંસાના ઉપર જણાવેલા ચાર પ્રકારો પરથી કહી શકાય છે કે અહિંસક પ્રવૃત્તિ યુક્ત સંયમી પુરુષ દ્વારા રાગ, દ્વેષ અને પ્રમાદ વાળી પ્રવૃત્તિ ન હોવા છતા પણ દેહની ચર્યા બતા અનિવાર્ય હોવાથી જે પ્રાણીવધ થઈ જાય છે તે વાસ્તવમાં હિંસા નથી હિંસાની વ્યાખ્યામાં પ્રાણવધનું સ્થાન વહેવારુ અને રાગદ્વેષવાળી ભાવનાનું સ્થાન ચોક્કસ છે જે રાગ વગેરે ભાવના સાથે પ્રવૃત્તિઓથી પ્રાણીઓનો વધ કરે છે અથવા માત્ર કષ્ટ પહોંચાડે છે અથવા નિર્જીવ પદાર્થો પર પણ પોતાની પ્રમાદ વાળી પ્રવૃત્તિ કરે છે તેને જ હિંસક કહી શકાય છે જ્યાં પ્રાણીઓનો નાશ થાય ત્યાં રાગ અને દ્વેષ રહિત ભાવના કેવી રીતે હોઈ શકે? એ

આ પ્રશ્નનો નિર્ણય આપણે એવી રીતે કરી લેવો જોઈએ કે પૂર્ણ સંયમી (જેણે મન વચન અને શરીરનો સંયમ કર્યો હોય અને સ્થાવર તથા જંગમ સર્વ પ્રકારના જીવોની હિંસા કરવાનું સાવ છોડી દીધું હોય, જે પોતાના ખાવાપીવા માટે પણ હિંસા કરતો નથી, જે પ્રાણી માત્રને મિત્ર ગણે છે અને સત્ય અચૌર્ય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ એટલાં વ્રતોનું પાલન કરે છે તે પૂર્ણ સંયમી કહેવાય છે) પુરુષની ભાવના કદી હિંસાની ન હોય અને તેઓ આવા પ્રકારની ક્રિયા પણ કરતા નથી છતાં પણ તેઓ દેહધારી હોવાને લીધે એમના વડે જો કોઈ હિંસા થઈ જાય છે ત્યાં એમની ભાવના રાગ અને દ્વેષ સાથે કોઈ સંબંધ રાખતી નથી

ગાંધી

પ્રશ્ન સંયમી પુરુષો જ્યારે વિહાર કરવામાં આવે છે તેથી એમનામાં શિથિલતા આવવાનો સંભવ નથી ?

જવાબ ના કારણ કે સંયમી પુરુષ પણ અપ્રમાદપણેથી જે કર્મ કરે છે તે સર્વ હિંસામાં છે તેઓ અધિક સાવધાન રહે છે અહિંસક હોવા છતા પણ ક્યારેક હિંસક બની જઈએ એવો તેમને હમેશા ધ્યાન રહે છે સ્વાભાવિક રીતે જ એવો પ્રશ્ન થઈ શકે છે કે જો સંયમી લોકો પણ સર્વથા નીરાગ હોતા નથી તો પછી એમની ભાવના રાગ વગરની છે એમ કેવી રીતે માની શકાય ?

એનો જવાબ   गतागति कुर्वाणः निष्क्रामति मोक्षमुख्यं
અર્થાત્ કર્મ સહિત હોવા છતા પણ ભાવનો નિગ્રહ કરીને સંયમી પ્રવૃત્તિમેથી અહિંસક બની શકે છે

૭—અહિંસાનો સંબંધ જીવન રહેવા સુધી નથી પણ તે સંબંધ બધી પ્રવૃત્તિઓથી દૂર રહેવા સાથે છે નિવૃત્તિ સંપૂર્ણ રીતે અહિંસા છે એ તો નિર્વિવાદ છે પણ રાગ દ્વેષ મોહ વગેરે દોષો સિવાયની પ્રવૃત્તિ પણ અહિંસાત્મક છે જેને દશવૈકાલિકમાં એક પ્રસંગોચિત આલેખન આ પ્રમાણે છે

શિષ્ય ' પ્રભો ' (કૃપા કરીને આપ મને બતાવો કે) કેવી રીતે ચાલવું કેવી રીતે ઊભા રહેવું કેવી રીતે બેસવું, કેવી રીતે સૂવું કેવી રીતે ખાવું અને કેવી રીતે બોલવું કે જેથી પાપ કર્મનું બંધન ન થાય.

ગુરુ આયુષ્મન્, યત્નાપૂર્વક ચાલવાથી, યત્નાપૂર્વક ઊભા રહેવાથી, યત્નાપૂર્વક બેસવાથી યત્નાપૂર્વક સૂવાથી યત્નાપૂર્વક ભોજન કરવાથી અને યત્નાપૂર્વક બોલવાથી પાપનું બંધન થતું નથી યત્નાનો અર્થ છે—સાવધાનીપૂર્વક સાવધ એ છે કે ખાતા પીતા ચાલતા, ફરતા ઉઠતા બેસતા વગેરે જીવનની પ્રવૃત્તિઓ ત્યાગી પુરુષ જાગૃતિ સાથે અહિંસાના પાલનની દૃષ્ટિથી કરે છે તે સર્વ અહિંસાત્મક જ છે

૯—અહિંસા ત્યાગમાં છે, એ મમતા નથી. અહિંસા આત્માનો ગુણ છે અને દયાથી આપણું કલ્યાણ જેમાં થાય છે કે તે અજ્ઞાને હિંસાના પાપમાંથી બચાવે છે અને આપણું કલ્યાણ પણ તેજ છે કે આપણે આપણી ભાવના પ્રવૃત્તિના દ્વારા બીજાને કષ્ટ ન આપીએ અને મરતાં ન બચાવીએ. આપણે મરતાથી નિવૃત્ત થઈએ તે અહિંસા છે પરંતુ આપણી અહિંસાત્મક પ્રવૃત્તિ દ્વારા જો જીવો બચાવ થાય તો તે આપણી કરેલી અહિંસા નથી. કોઈ હિંસા ન કરે તો તે તેનો ગુણ છે પરંતુ બીજો રક્ષા ન કરે અને તે જીવ સુખી રહે છે તે તેનો ગુણ નથી. એક પુરુષ પોતાની મરજી મીમાંસા બતાવે છે, જેવા ઉપવાસ કરે છે તેને ઉપવાસ કરવાનો લાભ થાય છે પરંતુ તે ઉપવાસ કરે અને તેથી જો બીજા ભૂખ્યા મરે છે તેને લીધે તેને કોઈ નુકસાન થતી નથી

અહિંસા જીવનમા કેવી રીતે ઉતરે ?

મનુષ્યમા બે પ્રકારનુ બળ હોય છે આધ્યાત્મિક અને શારીરિક અહિંસામા આધ્યાત્મિક બળનુ પ્રાધાન્ય હોય છે તે જીવનમા અનેક રીતે ઉતારી શકાય છે ધૈર્ય ક્ષમા, ગાભીર્ય યોગ, તપ, સયમ વગેરે અનેક સદ્ આચરણ અહિંસાના જ રૂપો છે ધૈર્યથી ચિત્તની વૃત્તિઓ પર સયમ રાખવો, દુ:ખો આવી પડે ત્યારે એમને સમભાવથી સહન કરવા હાય હાય બચાવો બચાવો એમ ન કરવુ એમને પોતાના કરેલા કર્મોના ફળ સમજીને વિચાર કરવો કે આ (મારાજ) કર્મો હુ ભોગવી રહ્યો છુ જે કર્મના ફળો મે એકઠા કર્યાં છે જે કર્મો મે હસતા હસતા એકઠા કર્યાં છે એમના ફળ ભોગવવાના સમયે હુ શા માટે રોઉં શા માટે દીન બનુ, શા માટે કોઈને દોષ દઉં? આવા પ્રકારની ભાવનાથી જે વ્યક્તિ આપત્તિઓનો રોગોનો અને અનેક પ્રકારના કષ્ટોનો સામનો કરે છે તે અહિંસક છે ધીરજ અહિંસાત્મક બળ છે આ બળથી જે બળવાન બને છે તે કોઈ પણ રીતે સત્યના માર્ગ પરથી વિચલિત થઈ શકશે નહિ અને તેને કષ્ટોનો ભય પણ હોતો નથી તે કષ્ટોના પહાડોના ચૂરેચૂરા કરીને આગળ વધી શકે છે અને પોતાના લક્ષ્ય

સુધી પહોંચી શકે છે. ક્ષમા—બીજા ભાગ કે તે પણ આમાં [illegible] ન અનુભવવો અને સદ્ભાવનાપૂર્વક [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] ક્ષમાર્થ [illegible] [illegible] [illegible] [illegible] કડવા વચનો સાંભળીને એના કારણની [illegible] [illegible]—ક્રોધ નહિ.

ઉદાહરણ—આ મને ગાળ દઈ [illegible] [illegible] [illegible] [illegible] મારો દોષ હોય તો હું એના પર ક્રોધ શા માટે કરું ? (મારે આ દોષનો ત્યાગ કરવો જોઈએ) અને જો હું [illegible] [illegible] તો આ ગાળો મને લાગુ પણ પડતી નથી તો પછી હું ક્રોધ કરું જ શા માટે ? વળી ગાળો દેવી કોઈને દુઃખ આપવું, [illegible] [illegible] [illegible] ધર્મથી ભ્રષ્ટ કરવા એ મત મૂર્ખાઓના [illegible] [illegible] [illegible] [illegible] વધુ ને વધુ આગ્રહ રહેવામાં જ અહિંસા [illegible] [illegible]

ગાંભીર્ય—ગંભીર અને [illegible] [illegible] [illegible] કરવા છતાં પણ અહંકાર ન કરવો. આત્મ-પ્રશંસા ન કરવી [illegible] [illegible] રોકવી.

યોગ—યોગનો અર્થ છે મન, [illegible] અને શરીરની પ્રવૃત્તિ કરવા છતાં મનને [illegible] રાખવું, મન [illegible] વગેરે [illegible] દૂર રાખવું. વચન અને શરીરની [illegible] [illegible] કરવી.

તપ—તપનો અર્થ છે ઉપવાસ [illegible] [illegible] [illegible] [illegible] ઓછું ખાવું. પોતાના શરીરને પણ [illegible], અભ્યાસ કરે, મનન કરવું, ચિંતન કરવું વગેરે.

સંયમ—સંયમનો અર્થ છે [illegible] [illegible] ઇન્દ્રિયોને [illegible] ક્રોધ, અભિમાન, માયા, લોભ વગેરે [illegible] [illegible] નિરોધ [illegible] —વગેરે. અનેક પ્રકારથી જીવનમાં અહિંસા [illegible] [illegible] [illegible] ઉપાસના કોઈ નક્કી અથવા નિયમિત [illegible] [illegible] [illegible] નથી. અહિંસાની ઉપાસના [illegible] [illegible] [illegible]

આચરણ દરેક પળે ઉપયોગી છે અહિંસક મુનિઓ માટે અહિંસા અનિવાર્ય છે જ પણ ગૃહસ્થોએ પણ દરેક ક્ષણે એ વિચારવું જોઈએ કે આપણે હિંસક પ્રવૃત્તિઓમાં રમતા છતાં પણ હિંસાથી કેટલા બચી શકાય તેમ છે ગૃહસ્થ કદાચિત જો અર્થહિંસા અર્થાત્ પ્રયોજન સહિત કે સામા આવેલી હિંસાને ત્યાગી ન શકાય તો પણ અનર્થ (વિના મતલબ) હિંસાથી અળગા રહેવાનો અભ્યાસ તો જરૂર કરવો જોઈએ એ જાણી કે જે હિંસાથી કોઈ પણ પ્રયોજન સિદ્ધ થતું નથી તે હિંસા લૌકિક અને ધાર્મિક એમ બન્ને દૃષ્ટિએ છોડી દેવા લાયક છે જો કે અર્થ સિદ્ધ કરનારી હિંસા અહિંસા બની શકતી નથી છતાં પણ તે અર્થ-હિંસા છે અશક્યતાને લીધે તેનો સર્વ રીતે સંપૂર્ણ ત્યાગ મુશ્કેલ છે છતાં પણ ધીમે ધીમે એમાંથી મુક્ત થવું તે ખૂબ આવશ્યક છે પોતાની સ્થિતિ સારી તથા સુવ્યવસ્થિત રાખવા ગૃહસ્થીઓ માટે વ્યાપાર વગેરે કામો અનિવાર્ય છે આ કાર્યોમાં જે હિંસા થાય છે તે અર્થહિંસા કહેવાય છે પણ પોતાના આશ્રિતોને પોતાની ઇચ્છા મુજબ કામ કરવા માટે પણ અન્યાય અને અત્યાચારની છેલ્લી હદ સુધી પહોંચી જવું ન જોઈએ આધુનિક માનવોનું એક માત્ર લક્ષ્યબિંદુ ધન એકઠું કરવાનું રહ્યું છે આજે સત્કારનું માપ આર્થિક સ્થિતિ પરથી જ કાઢવામાં આવે છે આર્થિક સધારણનું ભયંકર પરિણામ એ આવ્યું છે કે હિંસાનું વાતાવરણ ઘણું દુર્ભેદ્ય અને ગુંચવણભરેલું બની ગયું છે અને તેને લીધે અહિંસા માટે એક નાનામાં નાનું દૃષ્ટિબિન્દુ પણ સુરક્ષિત નથી ચારે બાજુ એક જ અવાજ સાંભળવામાં આવે છે અને એક જ મનોવૃત્તિ છે કે જેની આર્થિક સ્થિતિ સંગીન ન હોય તે આધુનિક જગતમાં પોતાનું કોઈ સ્થાન રાખી શકતો નથી આ દશામાં કોઈ શા માટે સંતોષી બને અથવા શા માટે અહિંસાનો ઉપાસક બને? પણ આ ધન એકઠું કરવાની રાક્ષસી વૃત્તિનું પરાગ

પરિણામ આવે મારેલ મમાર બેનની રહી છ કારણ કે ધા ઓછું મસાલી નેહુપનાજ મધાભાગનું કે મનાણિ ન થય ચૂકી છ એને અહિંસાની પણ મર્યાદા આ એક જ મર્યાદા વગર કોઈ પ્રમાણે લોગાઈ શકતી નથી અને મમતા મર મ ટ ૂ ભલ શાસના નાશ થઈ શકતો નથી. જે પૂરેપૂરો અહિંસક ન થઈ શકતો નથી તેને માટે મર્યાદા એ પૂર્ણ ઉપયોગી બાબત છે આ અહિંસા અ હિંસા વચ્ચે એક રોકનાર ભીંત છે અને તેનાથી હિંસક વૃત્તિઓ પર સંયમ રહે છે

અહિંસા ‘ક’ હિંસા ‘ખ’

‘ક’નો અર્થ એવો છે કે અમુક પ્રકારની હિંસા નહિ કરું ‘ખ’ નો અર્થ એવો છે કે જેટલી સીમા રોકવામાં આવી છે એના વર્તુળની બહારનું કામ હિંસાત્મક છે હિંસક પ્રવૃત્તિઓને અને અહિંસક પ્રવૃત્તિઓને અલગ અલગ સમજવી અને હિંસાનો ત્યાગ અને અહિંસાની ઉપાસના કરવી તે જીવનની સર્વોદય ઉન્નતિ કે વિકાસ છે

ધર્મ અને સમાજ

ધર્મ અને સમાજ એ બન્ને અલગ અલગ પરંપરાઓ છે આપણે એ ચોક્કસ કરી શકતા નથી કે ધર્મ સમાજથી દરેક રીતે અલગ છે યા દરેક રીતે ધર્મ સમાજ સાથે જોડાયેલો છે ધાર્મિક અને સામાજિક મેળ બન્ને પ્રકારના નિયમો કે નિયમ સમાજ પર જ આધાર રાખે છે પણ એમનો ઉદ્દેશ તથા સ્વરૂપ (હંમેશા) એક હોતા નથી ધાર્મિક નિયમોનો મુખ્ય ઉદ્દેશ આત્મ-સાધના હોય છે આ દશામા સામાજિક નિયમોનો ઉદ્દેશ હોય છે સમાજની વ્યવસ્થાને જાળવી રાખવાનો—સામુદાયિક જીવન સરળતાથી ચાલતુ રાખવાનો ધાર્મિક નિયમ વ્યક્તિ સાથે સબંધ રાખે છે અને સામાજિક નિયમ સમૂહ સાથે સબંધ રાખે છે ધર્મના મૌલિક નિયમોમા દેશ કાળ અને પરિસ્થિતિમા ફેરફાર થતા છતા ફેરફાર થવાનો સંભવ હોતો નથી અને સમાજના નિયમોમા સમય પ્રમાણે યોગ્ય ફેરફાર થવાનો સંભવ છે એટલુ જ નહિ પણ તે જરૂર થાય છે સમાજની કેટલીક સારી વ્યવસ્થાઓ ધર્મની સહુથી વધુ નજીકની ભૂમિકામા આવી જાય છે અને ધર્મના કેટલાક નિયમો સમાજ માટે પોષક તથા

ટકાવી રાખનાર બને છે ધર્મના સર્વ નિયમો સમાજને અને સમાજના સર્વ નિયમો ધર્મને અનુકૂળ હોય એવુ કદી હોતુ નથી કારણકે બને વ્યવસ્થાઓના જન્મસ્થાન અલગ હોય છે ભગવાન મહાવીરના ઉપદેશોમા ધર્મ માટે અમુક ખાસ સમાજનુ કોઈ બધન મળતુ નથી દરેક વ્યક્તિ—પછી તે ગમે તે સમાજની સભ્ય હોય પોતાની ઇચ્છાને અનુકૂળ સામાજિક પરપરાઓનુ પાલન કરનારી હોય પણ તે ધર્મના આચરણની અધિકારી છે ખરી રીતે એમ જ હોવુ જોઈએ કારણકે ધર્મ જન્મગત કે જાતિગત નહિ પરતુ આત્મગત હોય છે એક (જન્મથી) મુસ્લમાન કે ખ્રીસ્તી જૈન ધર્મનુ પાલન કરવા ચાહે તો તે શુ તેમ ન કરી શકે? જુદી જુદી સમાજની પ્રથાઓને અનુસાર શુ એક ધર્મના અનુયાયી નથી હોઈ શકતા? જો હોઈ શકે તો ધર્મ અને સમાજને દરેક રીતે એક કેવી રીતે માની શકાય? અમારી માન્યતા એ છે કે જો સામાજિક નિયમોનુ નિર્માણ અહિંસા સત્ય ચોરી ન કરવી (અચૌર્ય) બ્રહ્મચર્ય અને અપરિગ્રહ તથા ક્ષમા, શાન્તિ અહકારનો અભાવ વગેરે ધર્મના મૌલિક નિયમોની ભીંત પર કરવામા આવે તો સમાજ ધર્મને જરૂર વધુમા વધુ અપનાવી શકે છે—તેને અનુકૂળ દિશામા પ્રગતિ કરી શકે છે ધર્મની કક્ષા સમાજ કરતા ઊચી છે એટલે સમાજના પ્રત્યેક કાર્યમા ધર્મ હોવો જ જોઈએ એવી ઘોષણા કરવાની આવશ્યકતા નથી અને તેનો દરેક રીતે બહિષ્કાર કરવાની આવશ્યકતા પણ નથી પરતુ સમાજની સારી વ્યવસ્થા દ્વારા તેને ધર્મની નજીક પહોચાડવાનો છે અને ધર્મ દ્વારા સમાજના ખરાબ તત્ત્વોનો અન્ત કરવાનો છે સમાજમાં પોતપોતાના સ્વાર્થ અને હિતોના વાડા બાધવામા આવે છે અને તેથી એક સમાજ બીજા સમાજના અહિતનુ સાધન પણ બની શકે છે ધર્મમા આ વાત હોતી નથી એમા બધાનુ હિત જ હોય છે આ હિત ચાહે સામુદાયિક હોય કે ચાહે વ્યક્તિગત પણ કોઈનુ અહિત હોતુ નથી

સમાજશાસ્ત્રે નિવારણાત્મક સજાને પોતાનું આવશ્યક અંગ માન્યું છે હુમલો કરનાર પર હુમલો કરવાની સૂચના આપી છે ધર્મશાસ્ત્રોમાં એને માટે કોઈ સ્થાન નથી એની સજા કરવાની આજ્ઞા અહિંસક છે એટલા માટે સમાજની સર્વ પ્રવૃત્તિઓ અને સૂચનાઓમાં ધર્મનું અનુમોદન હોઈ શકતું નથી [illegible] બેરીએ આ વાતને ઘણા માર્મિક શબ્દોમાં સમજાવી છે કે — "જાનથી મારી નાખવા માટે તૈયાર થયેલા આતતાયીને આત્મરક્ષા માટે મારી નાખવો તેને લગભગ બધા દેશોની સર્વ સમયની સરકારી આજ્ઞાએ અનુમોદન આપ્યું છે" ભગવાન મનુએ પણ કહ્યું છે કે

"नाततायिवधे दोषो हन्तुर्भवति कश्चन ।"

અર્થાત્ આતતાયીને મારી નાખવાથી મારનારને કશો પણ દોષ લાગતો નથી

ભારતની સજાની વર્તમાન નીતિ પણ આ જ વાત કહે છે પણ એ યાદ રાખવું પડશે કે સજાની આજ્ઞાનો મૂળ ઉદ્દેશ સમાજની રક્ષા કરવાનો છે અને નીતિ-શિક્ષા આપવાનો નથી એટલે સજાની આજ્ઞાની બાબતને સર્વ જગ્યાએ સુનીતિ દ્વારા અનુમોદન મળતું નથી

આ પ્રમાણે ધર્મ અને સમાજનો અલગ અલગ સમન્વય જ અમારી દૃષ્ટિનો આદર્શ છે

શંકા–સમાધાન

પ્રશ્ન અહિંસા અને દયામા શો તફાવત છે?

ઉત્તરઃ અહિંસા અને દયાના શબ્દોની વ્યુત્પત્તિમા જરૂર તફાવત રહેલો છે જેમ કે અ (ન) + હિંસા = અહિંસા અર્થાત્ હિંસા ન કરવી એનુ નામ અહિંસા છે અને દયનમ્ પાલનમ્ દયા' અર્થાત્ પાલન કરવુ તે દયા છ પણ તાત્પર્યમા બને એક જ બની જાય છે અહિંસામા મુખ્યત્વે નિષેધ છે જેમ કે હિંસા ન કરો ખરાબ પ્રવૃત્તિ ન કરો દયા વિધાનાત્મક છે આજ્ઞા કરે છે જેમ કે પાલન કરો, રક્ષા કરો આના પરિણામમા શો ફેર પડશે? હિંસા નહિ થાય ત્યા જીવરક્ષા આપોઆપ થઈ જશે અને જીવરક્ષામા હિંસા સજવી પડશે ભગવતીસૂત્રમા સાતવે દીય કર્મબન્ધના કારણોનો ઉલ્લેખ કરતા જણાવવામા આ યુ છે કે જેમા પ્રાણ હોય એવા પ્રાણીઓને દુખ ન આપવુ એમને શોક ન કરાવવો, વેદના ન કરાવવી આસુ ન પડાવવા એ અનુકપા–દયાનું સ્વરૂપ છે આ અહિંસક અનુકપાનું સ્વરૂપ છે અને અભયકુમાર પર અનુકપા કરીને દેવતાઓએ વર્ષા કરી હતી તે સાવદ્ય અનુકપા છે ભગવાન મહાવીરે ગોશાલકને

બચાવ્યો, ત્યા ટીકાકાર શ્રી અભયસૂરીએ લખ્યુ છે કે ભગવાને આ કાર્ય કર્ધક સ્નેહયુક્ત દયાથી કર્યું આ પ્રમાણે શાસ્ત્રોમા બન્ને પ્રકારની દયા તથા તેમના સ્વરૂપ મળે છે

પ્રશ્ન અહિંસા માત્ર નિરવદ્ય છે તો પછી દયા સાવદ્ય અને નિરવદ્ય એમ બન્ને પ્રકારની કેવી રીતે હોઈ શકે? જો એમ હોય તો 'पापाचरणादात्मरक्षा दया' એનો શો આધાર છે?

ઉત્તર ખરી રીતે દયા અને અહિંસા એક છે આ દૃષ્ટિબિન્દુથી 'पापाचरणादात्मरक्षा दया' એ સૂત્ર રચવામા આવ્યું છે પારમાર્થિક દયા અર્થાત્ જે દયા અહિંસાના ક્ષેત્રમા રહે છે તે નિરવદ્ય જ હોય છે પરન્તુ લૌકિક ક્ષેત્રોમા મોહ રાગ અને સ્નેહના અર્થમા પણ 'દયા એ શબ્દનો ઉપયોગ થાય છે એટલે તે ધ્યાનમા રાખીને દયાના સાવદ્ય અને નિરવદ્ય એ બે ભેદ પાડવામા આવે છે અર્થાત્ જે દયામાં મોહ, રાગ અને સ્નેહ હોય છે તે સાવદ્ય કહેવાય છે તે ખરી રીતે દયા નથી પણ માત્ર વહેવારુ અર્થાત્ લૌકિક દયા છે અને જે આ બધનોથી મુક્ત હોય છે તે ખરી રીતે દયા અથવા આધ્યાત્મિક દયા છે

પ્રશ્ન શુદ્ધ અને શુભ ભાવનામા તફાવત છે કે નહિ? શુદ્ધ ભાવના અરૂપી અને શુભ ભાવના રૂપી એમ શુ હોઈ શકે છે?

ઉત્તર આગમોમા એમનો કશો ઉલ્લેખ નથી ત્યાર પછીના ગ્રન્થકારોએ એમા તફાવત માન્યો છે અને તે લૌકિક દૃષ્ટિએ શુભ ગણાતા કાર્યોની મુશ્કેલીભરી સમસ્યાનુ નિરાકરણ કરવા માટે જ હોવાનો સભવ છે ધર્મ વગર પણ પુણ્યનુ બધન માનીને તેની એક નવી વ્યવસ્થા કરી દીધી—જેમકે, જેનાથી પાપકર્મનુ બધન થાય તે અશુભ ભાવના, જેનાથી માત્ર પુણ્યનુ બધન થાય તે શુભ

ભાવના અને જેનાથી આત્મશુદ્ધિ થાય તે શુદ્ધ ભાવના પરંતુ તપસ્યા વગર-નિર્જરાધર્મ વગર પુણ્યનું બંધન ક્યાંય થતું નથી એટલે, શુભ અને શુદ્ધ ભાવનને પુણ્યના દૃષ્ટિબિન્દુથી અલગ માનવી તે અસંગત છે કારણ કે તેરમા ગુણસ્થાન સુધી નિર્જરાની સાથે દરેક ક્ષણે પુણ્યનું બંધન થયા જ કરે છે અને જ્યાં સારી પ્રવૃત્તિ થશે ત્યાં નિર્જરા અવશ્ય હશે. એટલે, પુણ્યના બંધન માટે કોઈ પણ સ્વતંત્ર સ્થાન નથી અને સંવરની સરખામણીમાં શુદ્ધ બે કરવામાં આવે અર્થાત્ નિર્જરાને શુભ ભાવના અને સંવરને શુદ્ધ ભાવના માનવામાં આવે તો નિર્જરાની સાથે પુણ્યનું બંધન થાય છે એટલે તે શુભ ભાવનારૂપ છે અને સંવર તે આત્માની સંયમ પામેલી અવસ્થા છે એટલે, તે શુદ્ધ ભાવનારૂપી અને રૂપ વગરની છે આ પ્રમાણે માનવામાં આવે તો શાસ્ત્રીય દૃષ્ટિબિન્દુથી કંઈ આપત્તિ તો આવતી નથી પણ એમ માનવાથી તેનું તે દૃષ્ટિબિન્દુ પણ સફળ થતું નથી

પ્રશ્ન ભારથી લાદેની એક ગાડી આવે છે માર્ગમાં કોઈ એક અણસમજુ બાળક સૂતો છે કોઈ દયાળુ પુરુષ તેને બચાવવા માટે ત્યાંથી ઉપાડી લે તેમાં ધર્મ છે કે નહિ?

ઉત્તર આપ તેનું સમાધાન કયા દૃષ્ટિબિન્દુથી કરવા ચાહો છો? લૌકિક દૃષ્ટિએ કે આધ્યાત્મિક દૃષ્ટિએ? લૌકિક દૃષ્ટિથી આપણે તે માનવીના કાર્યને લોકધર્મ કહીએ છીએ કારણ કે લૌકિક દૃષ્ટિમાં જીવવાનું અને જીવાડવાનું મહત્ત્વ છે પરન્તુ આધ્યાત્મિક દૃષ્ટિનો તેની સાથે મેળ ખાતો નથી એમાં સંયમનું મહત્ત્વ છે, જીવવા અને જીવાડવાનું નહિ એવો કયો તત્ત્વજ્ઞાની છે કે જે આ કાર્યને સામાજિક બંધન ન માનવાને બદલે આત્મસાધના માનશે? સાંખ્ય આદિ જૈનેતર દર્શનોમાં પણ એવા રાગવાળાં કાર્યોને બંધન કહેવામાં

આવ્યા છે હરણને પાળનાર ભરતનો ઉલ્લેખ કરીને કહેવામા આવ્યુ છે કે—

"असाधनानुचिन्तन बन्धाय भरतवत्।"

પ્રત્યેક શાસન જ્યારે ઊંડાણમા ઊતરે છે ત્યારે આ સંસારિક બંધનોથી દૂરની ભૂમિકામા જઈને ધર્મનુ નિરૂપણ કરે છે

ધર્મનો અર્થ તમે ત્યાગ-તપસ્યામય આત્મસાધના એવો કરો છો કે કોઈ બીજો? જો તમને ધર્મનો ઉપરનો અર્થ માન્ય હોય તો માત્ર આધ્યાત્મિક દૃષ્ટિબિન્દુથી ઉપરના બન્ને પ્રશ્નોનો ઉત્તર એવો છે કે આગગાડીથી બચાવવા બળતા વાડામાથી ગાયોને કાઢવી તે આત્મસાધનારૂપ ધર્મ નથી અને જો તમે ધર્મનો અર્થ લૌકિક આચરણ કે કર્તવ્ય માનતા હો તો તે દૃષ્ટિબિન્દુથી અમે પણ આ કાર્યોને લોકધર્મ કહીએ છીએ

પ્રશ્ન તેરાપથી સાધુ-સાધ્વીઓ સિવાય બીજા કોઈ દાનને લાયક નથી તેમ આપ ક્યા આધાર પર માનો છો?

ઉત્તર અમે એમ કહી દેતા નથી કે તેરાપથી સાધુઓ સિવાય બીજા કોઈ દાનને લાયક નથી લાયકાતની વ્યાખ્યા જ માત્ર આધ્યાત્મિક છે અને તે (આધ્યાત્મિક) દૃષ્ટિબિન્દુ પ્રમાણે જે અહિંસા, સત્ય આદિ પાંચ મહાવ્રતોનુ પાલન કરે અને સંયમી જીવન વિતાવે-પછી ભલે તે તેરાપથી હોય કે બીજા તે જ દાનને લાયક (સુપાત્ર) છે

પ્રશ્ન કોઈ દયાળુ માનવ બળતા વાડામાથી ગાયોને બહાર કાઢે એમા ધર્મ છે કે પાપ?

ઉત્તર આ લોકધર્મ અથવા સમાજધર્મની પ્રવૃત્તિઓ છે આત્મસાધના નથી એક સમૃદ્ધ વ્યક્તિ સમસ્ત કુટુંબનું પાલન પોષણ કરે છે, પ્રાન્તીય સરકાર પોતાના પ્રાન્તનુ અને તમારી મધ્યસ્થ સરકાર સમગ્ર ભારતનુ પાલનપોષણ કરવામા મગ્ન રહે છે શુ તે પ્રધાનમંડળ તેને આત્મસાધના માને છે? નહીં, આ એમની રાજકીય જવાબદારી છે જેમના ખભા પર જે ભાર હોય છે તે એમણે ઉપાડવો પડે છે તો પછી પોતાને સમાજને જવાબદાર માનનાર વ્યક્તિ આગમા બળતી ગાયોને બચાવીને પોતાની જવાબદારીનુ પાલન કરે એમા ધર્મને વચમાં લાવવાની શી આવશ્યકતા છે? ખાણુ જાણે મનુષ્યનો સ્વભાવ જ એવો છે કે બીજાઓનુ એક તણખલુ પણ અહીંથી ત્યા કરે છે તેના પર પણ ધર્મની છાપ લગાવ્યા સિવાય રહી શકતા નથી પોતાના ઘરગથ્થુ કામકાજમા ધર્મને શોધી કાઢવાનો કોઈ રસ્તો મળતો નથી અને બીજાઓનુ કાંઈ જરા પણ કામ કરી આપે છે તો એમાં ધર્મની દુહાઈ દીધા સિવાય એ સુખનો શ્વાસ પણ લઈ શકતો નથી બીજાઓની ગાયો આગમાથી બહાર કાઢવામા આવી એમા ધર્મ થઈ ગયો એના રાષ્ટ્રને બચાવે છે તે પણ ધર્મ છે જો આ સર્વ ધર્મ જ હશે તો સમજવામા આવતુ નથી કે તો પછી સામાજિક અને રાષ્ટ્રીય જવાબદારી અને આત્મસાધનામા શો ફેર હશે! મોક્ષ અને સંસારમા શો ભેદ હશે! એટલે વિચારશીલ મનુષ્યોએ મોક્ષ અને સંસાર આત્મસાધના અને લૌકિક જવાબદારીઓનુ સંમિશ્રણ ન કરવુ જોઈએ.

પ્રશ્ન તાપથી બળી જતા જીવને બચાવવામા જો! માટે ધર્મ માનતા નથી કે બચેલું પ્રાણી પોતાના જીવનમા જે જે અધર્મ કરશે તો તેમા તેને બચાવનાર પણ ભાગીદાર થશે એ શુ કોઈ શાસ્ત્રીય પ્રમાણ છે?

ઉત્તર -તેરાપથનું મન્તવ્ય એવુ છે જ નહિ. બચાવ્યા બાદ થનારી પ્રવૃત્તિઓને બચાવનાર સાથે કશો સંબધ રહેતો નથી બચનાર સાર બાદ સાધુ બની જાય તો બચાવનારને તેના ધર્મમા ભાગ નહિં મળે અને જો ક્રૂર કર્મ કરશે તો તેથી તેને અધર્મ નહિ લાગે કારણ કે ધર્મ અને અધર્મ વર્તમાનની સારી અને ખરાબ ક્રિયા પર જ આધાર રાખે છે

પ્રશ્ન -અનાજ અને પાણી સિવાય માનવી જીવતો રહી શકતો નથી જીવતો રહે નહિ તો ધર્મ કેવી રીતે કરે? એટલા માટે અનાજ અને પાણીની સહાય ધર્મના નિમિત્તરૂપ હોવાથી તેમનો સમાવેશ આધ્યાત્મિક ધર્મમા થવો જોઈએ

ઉત્તર -તત્ત્વ અનુસાર તે ન્યાયસગત નથી જ્યારે આપણે સૂક્ષ્મતામા ઊતરીશુ તો આપણને જણાશે કે અધ્યાત્મ ધર્મ પ્રાણીની ત્યાગ, સન્તોષ, આત્મદમન વિષયક પ્રવૃત્તિ જ છે ભોજન, જલપાન ધર્મના આચરણમા સાધનરૂપ કારણ અવશ્ય બને છે છતા તે અવ્યવ હિત નથી તેટલા માટે એવી સહાય કરનારી વ્યક્તિની પ્રવૃત્તિ આત્મધર્મનું સાક્ષાત્ કારણ બનતી નથી, જેમકે જૈન-ન્યાયના વિશારદ અર્થને જાણવામા નિમિત્ત માત્રને જ પ્રમાણ માનતા નથી જે સાધન તમ-મુખ્ય સાધન થાય છે તેને જ પ્રમાણ માને છે સાધક માત્રને પ્રમાણ માનવાથી એક મોટી સમસ્યા ઉપસ્થિત થાય છે અને તે એ છે કે ઇન્દ્રિય અને પદાર્થની નિકટતા કે પરસ્પર આકર્ષણ થવાથી આપણને વસ્તુબોધ થાય છે વસ્તુબોધમાં નિકટતા સાધન છે પણ તે પ્રમાણ નથી, કારણકે વસ્તુબોધમા તે ત્યાર પછીનુ કારણ છે આત્મામા રહેલું જ્ઞાન એટલે તે જ પ્રમાણ છે નિકટતાને પ્રમાણ માની લેવાથી દૂધ દહીં ભોજન વગેરે પદાર્થોને પ્રમાણ માનવા પડશે કારણકે નિકટતાની માફક વસ્તુબોધમા તેઓ પણ સાધન છે આ પદાર્થોના ઉપયોગ સિવાય આપણી ઇન્દ્રિયોમા પ્રવૃત્તિ રહી શકતી નથી. તેનો

અભાવથી ઇન્દ્રિય અને વસ્તુની કેવી રીતે નિકટતા હોય અને કેવી રીતે વસ્તુબોધ થાય ? અહીં આ નિકટતા પદાર્થ સાધન છે પણ પ્રમાણ નથી જો કે નૈયાયિકાએ નિકટતાને પણ પ્રમાણ તરીકે સ્વીકારી છે પરન્તુ જૈન નૈયાયિકોએ તેનો પૂરો વિરોધ કર્યો છે આશય એ છે કે વસ્તુબોધમા સાધક માત્રને પ્રમાણ માનવાને બદલે સાધકતમને જ પ્રમાણ માનવામા આવેલ છે એવી સ્થિતિમા મારી પ્રવૃત્તિના સાધન માત્રને આત્મધર્મ માનવા એ કેવી રીતે સંગત હોઈ શકે ?

પરિશિષ્ટ ૧

એક ભાઈ લખે છે

"ધારો કે હું સંસારી છું સંભાળ રાખ્યા છતાં, ખાટલામાં માકડ પડ્યા છે, તેને વીણતાંયે કેટલાક મરી જાય છે માટલાના પાણીમા પોરા પડ્યા છે તે પાણી ફેંકી દેતાં આ નાના જીવોની હિંસા થાય છે ઘરમાં કરોળિયાના જાળા છે તે સાફ કરતાં હિંસા થાય છે ધારો કે હું વેપારી છું માલની પેટીમાં ઇયળ પડ્યા છે તે જીવાત દૂર ન કરું તો માલને નુકશાન થાય હું ફરવા જાઉં છું તો તે ક્રિયામાંય પગ તળે થોડાઘણા પણ જીવો કચરાઈ જાય છે બત્તી સળગાવું છું તો યે એ જ વિટંબણા સિંહાદિનું તો પૂછવું જ શું ! આવા અનેક દૃષ્ટાન્તો બીજા હું આપી શકું છું તમો ઘટાવી શકશો હવે અહિંસાધર્મ આ સંજોગોમાં કઈ રીતે પળાય?

આવી જાતના પ્રશ્નો વખતોવખત ઉઠ્યા કરે છે આ પ્રશ્નો નજીવા સમજી નાખી દેતા પણ પાલવે તેમ નથી આવા પ્રશ્નોની ચર્ચા પશ્ચિમમાં તેમજ પૂરમા ગ્રન્થોમા પણ થયેલી છે મારી અલ્પમતિ પ્રમાણે બધા પ્રશ્નનો એક નિકાલ છે, કારણ કે બધાની જડ એક જ

ઊભું થાય છે તેઓને સારુ છે. તેવા મનુષ્યો અનિવાર્ય હિંસા પણ સંકોચાઈને કરશે અને પોતાની મત્ત પ્રવૃત્તિનો વિસ્તાર ઓછો કરશે પણ વધારશે નહિ તે એટલે સુધી કે પોતાની એક પણ શક્તિનો ઉપયોગ સ્વાર્થદૃષ્ટિએ નહિ કરે કેવળ સમાજસેવાના ભાવથી જ ઈશ્વરાર્પણ રહીને સર્વ શક્તિ વાપરશે સત એટલે અહિંસક, એટલે દયાળુ મનુષ્યોની બધી વિભૂતિઓ પરોપકારને જ અર્થે હોય જ્યાં હું પણું છે ત્યાં હિંસા છે જ દરેક કાર્ય કરતી વખતે મનને આ પ્રશ્ન પૂછી લેવો 'અહીં હું છું કે નથી?' જ્યાં 'હું' નથી ત્યાં હિંસા નથી

તા ૬-૬-૨૬

એક ભાઈ પૂછે છે

નાના નાના જન્તુઓ એકબીજાનો આહાર કરતાં અનેકવાર જોઈએ છીએ મારે ત્યાં એક ગરોળીને એવો શિકાર કરતા રોજ જોઉં છું અને બિલાડીને પક્ષીઓનો શું એ મારે જોયા કરવો? એને અટકાવતાં બીજાની હિંસા કરવી? આવી હિંસા અનેક થયા જ કરે છે આમાં આપણે શું કરવું?

ઉત્તર મેં આવી હિંસા નથી થતી જોઈ શું? ઘણીયે વાર ગરોળીને વડાનો શિકાર કરતી અને વડાને બીજા જન્તુઓનો શિકાર કરતાં મેં જોયાં છે પણ 'જીવો જીવસ્ય જીવનમ્' નો પ્રાણીજગતનો કાયદો અટકાવવાનું મને કદી કર્તવ્ય નથી જણાયું ઈશ્વરની એ અગમ્ય ગૂંચ ઉકેલવાનો હું દાવો નથી કરતો પણ એવી હિંસા જોઈ જોઈને મને તો પ્રતીત થાય છે કે પશુ અને ઊતરતી યોનિનો કાયદો તે માનવયોનિનો કાયદો નથી, માણસે તો ખંતથી પ્રયત્ન કરીને પોતાની અંદર રહેલા પશુને જીતવાનો અને તેને મારીને આત્માને

જીવતો રાખવાનો પ્રયત્ન કરવાનો છે પોતાની આસપાસ ચાલી રહેલા હિંસાના દાવાનળમાંથી અહિંસાનો મહામંત્ર શીખવાનો છે એટલે માણસ જો પોતાની પ્રતિજ્ઞા સમજે અને પોતાનું જીવનકાર્ય કરી જાય તો તેણે હિંસામાં પોતે ભાગ લેતાં અટકવું અને પોતાનાથી ઊતરતા અથવા પોતાને તાબેના પ્રાણીઓને કનડતાં અટકવું એ આટલું એ પોતાને માટે જ રાખી શકે છે અને કાંઈ નહિ તો પોતાનાથી નબળા પોતાના બંધુઓને કનડતો તો અટકી શકે છે અને એ પણ આદર્શ-કાનૂન તેણે સંપૂર્ણપણે પાળવાને માટે તેણે સતત દિનરાત પ્રયત્ન જ ચાલુ રાખવો રહ્યો ત્યારે કોઈ દિવસ તે તેને પહોંચી શકશે. આમાં પૂરી સફળતા તો ત્યારે જ મળી શકશે કે જ્યારે માણસ મોક્ષ મેળવી દેહના તમામ બંધનથી મુક્ત થાય.
તા. ૧૮-૪-૨૬

(મહાત્મા ગાંધીજી લિખિત 'અહિંસા' પૃ. ૨૭)

પરિશિષ્ટ ૨

ભગવતી દયા સર્વ જીવોને સુખ આપનારી છે તે મોક્ષનુ સાધન છે એને શરણે જનારા જલ્દી સંસારને પાર કરે છે

ભગવાને ત્યાને ભગવતીય, પૂજનીય અને ભગવતી કહી છે પ્રશ્ન વ્યાકરણસૂત્રમા એના ગુણ અનુસાર સાઠ નામ બતાવવામા આવ્યા છે

હમેશા, * સર્વ રીતે + કોઈપણ પ્રકારના જીવને ભય ન લગાડવો તેને અરિહન્ત ભગવાને અભય દાન ગણાવ્યુ છે આ પણ દયાનુ જ નામ છે

દરેક રીતે-ત્રણ કરણ અને ત્રણ યોગથી સર્વ જીવોને-ત્રસ (ચાલતા ફરતા) અને સ્થાવર (સ્થિર) જીવોને-જીવનપર્યંત ન

---

* મન વચન અને કાયા દ્વારા કરવુ, કરાવવુ અને અનુમોદન આપવુ એ રીતે.

+ પૃથ્વીકાય જલકાય વાયુકાય અગ્નિકાય વનસ્પતિકાય અને ત્રસકાય આ ૭ પ્રકારના જીવ જૈનશાસ્ત્રોમા દર્શાવવામા આવ્યા છે

મારવા એમની હિંસાથી દૂર રહેવુ તે ભગવાને જીવોની સંપૂર્ણ દયા છે એવી દયાથી પાપના દરવાજા બંધ થઈ જાય છે એવા દયાવાનની બરોબરી કોણ કરી શકે છે?

કેટલાક ત્યાગ (સંકલ્પ) કર્યો સિવાય હિંસાથી દૂર રહે છે તો પણ તેના કર્મોનો ક્ષય થાય છે હિંસા દૂર કરવાથી સત્કર્મનુ પ્રવર્તન થાય છે અને તેનાથી પુણ્યના ઘણા પુંજ ખડકાય છે

આ દયાના પાલનથી પાપકર્મોનો પ્રવેશ રોકાઈ જાય છે અને જૂના કર્મો ખરીને નાશ પામે છે આ બે જ લાભમા અનન્ત લાભો સમાઈ જાય છે આવી દયાનુ પાલન વિરલ વીરો જ કરી શકે છે

ઉપર જણાવેલી સંપૂર્ણ દયા જ પ્રથમ મહાવ્રત છે આ મહાવ્રતમા સંપૂર્ણ દયા સમાઈ છે મહાવ્રતને ધારણ કરનાર સાધુ પૂરી દયાનું પાલન કરે છે મહાવ્રત ઉપરાંત બીજી કોઈ દયા નથી

આ દયાની જે સારી રીતે આરાધના કરે છે અને જે એવી જ દયાના સિદ્ધાન્તનો પ્રચાર કરે છે તેને ભગવાન ન્યાયવાદી કહ્યા છે

કેવલી ભગવાન, મન:પર્યવજ્ઞાની અવધિજ્ઞાની, મતિજ્ઞાની, શ્રુતજ્ઞાની લબ્ધિધારી તથા પૂર્વધર જ્ઞાનીઓએ આ જ દયાના તત્ત્વની ઉપાસના કરી છે–આની સાક્ષી સૂત્ર આપે છે

"દયા દયા" એવો પોકાર સૌ કોઈ કરે છે–દયા જ વાસ્તવિક ધર્મ છે એ ઠીક છે પણ જે સાચી દયાને જાણીને તેનુ પાલન કરે છે તેની પાસે જ મોક્ષ હોય છે

દયા પ્રથમ વ્રત છે અને સાધુ તથા શ્રાવક બંનેને માટે સરખી જ રીતે મુખ્ય ધર્મ છે એને લીધે નવા પાપોનુ આગમન અટકે છે અને જૂના પાપ ખંખેરાઈને દૂર થઈ જાય છે

જિન ભગવાને મન, વચન અને કાયા આમાંથી એક, બે કે ત્રણ દ્વારા છ પ્રકારના જીવોમાંથી કોઈ જીવની હિંસા ન કરવી, ન કરાવવી અને અનુમોદન ન આપવું અર્થાત્ હિંસાથી સંપૂર્ણ નિવૃત્ત રહેવું તેને સંપૂર્ણ દયા કહેલી છે

ત્રણ કરણ અને ત્રણ યોગથી કોઈપણ પ્રાણીને માટે ભયના કારણ ન હોવું—આ અભય દાનને જ ભગવાને દયા કહી છે

જીવો બચી જાય એ કંઈ દયા નથી અને જીવો મરી જાય તે જ માત્ર હિંસા નથી મન વચન અને કાયાથી જાતે હિંસા ન કરવી, ન કરાવવી અને જે કરતા હોય તેમની સાથે સંમત ન થવું—એ જ દયા છે જે આ પ્રમાણે હિંસાથી દૂર રહે છે તે દયાવાન છે મારનાર નથી જે હિંસાથી દૂર રહેતો નથી તે હિંસાવાન છે, મારનાર છે જે મારે છે તેને હિંસાનું પાપ લાગે છે જે મારનાર નથી તે દયારૂપી શુભગુણની ખાણ છે

ભય બતાવીને, જોર જબરદસ્તી કરીને લોભલાલચ આપીને અથવા એવા જ અન્ય ઉપાયોથી દયા પળાવવી એ કંઈ દયાધર્મ નથી તે તો બીજાને માટે પોતાના આત્માનું પતન કરે છે દયા હૃદયની ભાવના છે તે બહારથી લાદી શકાતી નથી

ભગવાનના શબ્દોમાં કહેવામાં આવે તો અહિંસા વગેરે ગુણોને ઉત્તરોત્તર વિકસાવનારા પ્રાણી શુક્લ પક્ષના ચન્દ્રમાની માફક ધીમે ધીમે પરિપૂર્ણતાને પ્રાપ્ત કરે છે હિંસા તથા અસત્ય વગેરે (જે હિંસાના જ રૂપો છે) ના આચરણથી જીવ ભારે થાય છે આવો જીવ મરણ પામી અધોગતિને પામે છે અહિંસા તથા અહિંસાના ભિન્ન રૂપ સત્ય વગેરેના આચરણ વડે તે હિંસા વગેરેના કુસંસ્કારને ધીમે ધીમે ઓછા કરી નાખે છે અન્તમાં જ્યારે આ ખરાબ સંસ્કારો નિર્મૂળ

પરન્તુ આ દાર્શનિકો ભ્રમમાં પડ્યા છે તેઓ કારણ અને કાર્યના બે અંગો પરસ્પરના સંબંધને સમજતા નથી થોડા સમય માટે એમ સ્વીકારી પણ લેવામાં આવે કે પાપમાંથી રક્ષા થવી તે હોય છે તો શું એમ કહી શકાય કે જીવ-રક્ષા થઈ ત્યારે જ પાપોમાંથી બચાવ થયો? શું અહિંસાવ્રત ધારણ કરી લીધા બાદ જીવોના મૃત્યુ થતાં જ નથી? શું સંપૂર્ણ અહિંસા-વ્રતને ધારણ કરનાર સાધુ ઊઠતાબેસતા, ખાતાપીતા જીવોનો નાશ નથી કરતા એમ કહી શકાય છે?

ખાતાપીતા, ઉઠતા બેસતા હરતાફરતા સાધુ દ્વારા જીવોનો નાશ થાય છે છતાં પણ તે સંપૂર્ણ અહિંસક જ છે કારણ કે આંતરિક વૃત્તિઓનો નિરોધ કરવાથી તે હિંસાની જરાપણ ભાવના રાખતો નથી તે હિંસાથી સર્વ રીતે નિવૃત્ત થઈ ચૂક્યો હોય છે તથા આત્મજાગૃતિ સાથે બચવાનો પ્રયત્ન કર્યા કરે છે આમ છતાં પણ પોતપોતાના નિમિત્તથી જીવ મરી જ કરે છે તેને માટે તેને પાપી કહી શકાય નહિ

પાપોથી બચવું અને જીવની રક્ષા કરવી એ બંને વચ્ચે કાયમી સંબંધ નથી સંલેખનામાં પ્રાણોનો વિયોગ નિશ્ચિત હોય છે છતાં પણ શું અહિંસાનું પૂર્ણ પાલન નથી થતું? આપણે ગૃહસ્થો જાતે જ ખાઈએ પીએ છીએ—આપણા જીવનની રક્ષા થાય છે પરન્તુ તે અહિંસા છે એમ કહી શકાય ખરું?

અહિંસાથી સમભાવનો વિકાસ થાય છે, ચિત્તની વૃત્તિઓનો સંયમ થાય છે ક્રોધ વગેરે કષાયોથી મુક્ત થવાય છે આને લીધે નવા કર્મોનો પ્રવેશ થતો નથી અને જૂના કર્મોનો ક્ષય થાય છે એટલા માટે અહિંસા અપનાવવા યોગ્ય છે પાપથી બચવાનો કાયમી સંબંધ જીવરક્ષા સાથે નથી પરન્તુ હૃદયની અહિંસામય ભાવનાઓ

સાધે છે હિંસાથી દૂર રહેવા સાધે છે ભગવાને હિંસાથી [illegible] પૂર્વક દૂર રહેવુ તેને પ્રથમ વ્રત ગણાવ્યુ છે અને [illegible] સાધનોમા ખાસ સ્થાન આપ્યુ છે

જીવ બચી જાય તો જ દયા થાય એમ કહેવુ તે [illegible] છે જે એમ કહે છે તે અહિંસાના પ્રયોજન અને પરિણામ [illegible] બે ને સમજવામા ભૂલ કરે છે જીવરક્ષા અહિંસાનુ [illegible] હોઈ શકે છે—હોય જ એવુ પણ નથી પણ તેનુ [illegible] નથી જ

વરસા પડે છે તેનાથી ખેતી હરીભરી [illegible] વરસા ખેતીને માટે જ થાય છે એમ કહી [illegible] પાણીનો પ્રવાહ નદીના કિનારાઓ પર વસનારા [illegible] નદીના કારણ બની શકે છે પાણી વાયુને આરોગ્ય [illegible] ગામનું આસપાસની જમીનને ઉપજાઉ બનાવી શકે છે [illegible] છે, રૂપિયાના વ્યાપારમા સહાયક બની શકે છે પણ [illegible] કરેલો શેનાથી વહે છે ? શુ તેના જીવનની ભાવના [illegible] આ જ રીતે અહિંસાનુ પ્રયોજન હિંસાથી બચવુ [illegible] છે છે જીવોની રક્ષા, તેનુ પ્રયોજન લક્ષ્ય નથી અહિંસા [illegible] શાંતિનુ વાતાવરણ ઉત્પન્ન થઈ શકે છે—જીવોની [illegible] છે પણ એમને અહિંસાના આનુષંગિક ફળ [illegible] હોઈ શકે એના ખાસ પ્રયોજન નહિ [illegible]

[illegible] અંગીકાર કરીને મારુ કહે છે— [illegible] આત્માના હિતને માટે અંગીકાર કરી વિહરુ [illegible] સૂત્રમા ચોકખો ઉલ્લેખ છે કોઈને નિર્ણય [illegible]

હે ભવ્ય ! તમે વૃક્ષો વગેરે ન કાપશો [illegible] વૃક્ષોની રક્ષા થાય છે તળાવ, સરોવર વગેરે [illegible]

નિયમ કરો છો તો તળાવ પાણીથી ભરેલું રહે છે લાડુ વગેરે મીઠાઈનું પ્રત્યાખ્યાન (ન ખાવાનો નિયમ) કરો છો તો મીઠાઈ બચે છે વન લગાવો, ગામ બાળવું વગેરે સાવદ્ય કાર્યોનો ત્યાગ કરો છો તેને લીધે ગામ જંગલ વગેરેની રક્ષા થાય છે તમે ચોરી કરવાનો ત્યાગ કરો છો તો બીજાના ધનની રક્ષા થાય છે પરંતુ વૃક્ષ, તળાવ લાડુ, ગામ વગેરેને આ પ્રમાણે બચાવવાથી જ તમે ધર્મ કરતા નથી ધનની રક્ષા થવાથી ધનવાન રાજી થાય એ પણ ધર્મ નથી તમારો ધર્મ આ સહુથી પર–તમારા આત્મસંયમમા–તમારા પાપોથી દૂર રહેવામા–છે તમે વ્રત ગ્રહણ કરીને અવ્રતને દૂર કરો છો, આવતા કર્મોને રોકો છો, વૈરાગ્યથી આત્માને પ્રભાવિત કરો છો એનાથી જ તમને ધર્મ થાય છે–તમારા આત્માનો પૂરેપૂરો ઉદ્ધાર છે

('શ્રીમદ્ આચાર્ય ભીખણજીકે વિચાર-રત્ન માથી)